

प्रभुराम-जीवनराम-

वेदधर्मसभा व्यवस्थापक.

लिथोहेलकप्रेस कोलभाटस्ट्रीटमुंबई.

# સદ્ગત વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામ,

### ઉત્તરાશ્રમમાં
### શ્રીકૃષ્ણાનંદ સરસ્વતી.

## પ્રકરણ ૧ લું.

### જન્મ.

ઉદ્યોગી, સાક્ષરવર્ય, ધર્માભિમાની, દેશોપકારી, આયુર્વેદોદ્ધારક, આયુર્વેદ મહોપાધ્યાય, ઐહિક પારમાર્થિક શ્રેયઃસાધક, કૈવલ્ય પદમાં બીરાજનારા મહાત્મા વૈદ્યરાજ પ્રભુરામનું લોકોત્તર જીવન, ઉપદેશાત્મક વિવિધ પ્રસંગોથી આબાલવૃદ્ધ સર્વને શ્રવણીય, મનનીય, અને અનુકરણીય છે.

વૈદ્યરાજ પ્રભુરામ જે કુટુંબમાં જન્મ્યા હતા, તે કુટુંબ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં પરંપરાથીજ પ્રતિષ્ઠિત અને ધર્મનિષ્ઠ ગણાતું આવ્યું છે.

વૈદ્યરાજના પૂર્વજ પુરૂષો જામ જોધપૂરમાં જામ સાહેબના ઉદાર આશ્રય તળે મોટી પ્રતિષ્ઠા મેળવવાને ભાગ્યશાલી થયા હતા. પરંતુ જ્યારે બાટવાના બાબીઓએ બાટવા પરગણું વસાવ્યું ત્યારે વૈદ્યરાજના પ્રપિતામહ વ્યાસ દેવકૃષ્ણજી ઉર્ફે અદા વ્યાસને મોટા માનથી પોતાના પરગણામાં બોલાવી તેમના હાથથી ગામને તોરણ બંધાવ્યાં હતાં. દેવકૃષ્ણ વ્યાસજી વૈદક વિદ્યામાં તેમજ ઈતિહાસ, પુરાણ અને જ્યોતિષના વિષયમાં કુશળ હતા. વ્યાવહારિક તેમજ શારીરિક બાબતોમાં બાબીઓને દેવકૃષ્ણજીની સલાહ બહુજ ઉપયોગી થઈ પડવા લાગી; તેમ બાબીઓએ પણ તેમના ગુણની કિંમત કરવા માંડી. છેવટે બાબીઓએ ગરાસમાં ક્ષેત્ર વાડી વગેરે તુષ્ટિ દાન આપીને પોતાની ગુણજ્ઞતા દર્શાવી આપી હતી. તે તુષ્ટિદાનમાં મળેલો ગ્રાસ હાલ પણ તેમના વંશજો ભોગવે છે.

ઇ૦ સ૦ ૧૭૫૭ ના સમયમાં કાઠિયાવાડ વિગ્રહનું સ્થાન થઈ પડયું હતું. જામનગરનો ખવાસ મેરૂ, જુનાગઢના દીવાન અમરજી તથા કલ્યાણ શેઠ અને ગોંડલના રાણા કુંભોજી, આટલા પુરૂષો આ વિગ્રહના નાયક ગણાતા હતા.

આમાંના હર કોઇનો આશ્રય લઈને રાજાઓ પરસ્પર યુદ્ધ કરતા હતા. તેવા સમયમાં દીર્ઘદર્શી અને સમયવેત્તા પુરૂષોની સલાહકાર તરિકે બહુજ જરૂર હતી. તેવા અંધકારાત્મક સમયમાં પણ કોઇ કોઇ પુરૂષો પોતાની બુદ્ધિમત્તાથી બાહાર તરી આવતા હતા. પિતાના મરણથી તુરત રાજ્યાસન પર આવેલા પોરબંદરના રાણા સુલતાનસિંહજીને પણ તે સમયે એક વિશ્વાસુ અને ધર્મનિષ્ઠ સલાહકારની બહુજ જરૂર હતી. તેમની દૃષ્ટિ ઈષ્ટ-દૈવવશાત્ બાબીઓને આશ્રયે રહેનાર વ્યાસ દેવકૃષ્ણના પર પડી, અને મોટા માન સાથે તેમને પોરબંદરમાં બોલાવી સારો સત્કાર કરીને, સલાહકાર તરિકે હમેશાને માટે પોતાની પાસે રાખ્યા.

આ પ્રસંગથી દેવકૃષ્ણની પ્રતિષ્ઠામાં, દિવસે દિવસે વૃદ્ધિ થવા લાગી. જેમ જેમ આબરૂ અને પ્રતિષ્ઠામાં વધારો થવા લાગ્યો, તેમ તેમ વિવેકી દેવકૃષ્ણનું મન ઉન્મત્ત ન થતાં ધાર્મિક કાર્યો તરફ વળતા લાગ્યું હતું. તેમણે ઉદય કાળમાં યજ્ઞ યાગો કરીને તથા પોતાના જ્ઞાતિ બંધુઓને તે તે પ્રસંગો પર પોતાને ત્યાં બોલાવીને પોતાના વૈભવનો લહાવો લેવરાવીને, સન્માર્ગે મેળવેલી લક્ષ્મીનો સદુપયોગ કરી બતાવ્યો હતો. તેમના ધાર્મિક કાર્યોનું યશોગાન હજી પણ આપણે વૃદ્ધોના મુખેથી પ્રસંગે પ્રસંગે સાંભળીએ છીએ.

મહાત્મા દેવકૃષ્ણ ઉર્ફે અદાવ્યાસના પુત્ર અને જગજીવન વ્યાસના પુત્ર જીવનરામને બે પુત્રો અને એક પુત્રી હતાં. જયેષ્ઠ પુત્ર મુંબઇ ઇલાકામાં સદ્બોધ પ્રવર્તક તરિકે પ્રખ્યાત થયેલા પંડિત શ્રી જયકૃષ્ણજી ( ઉત્તરાશ્રમના બ્રહ્માનંદ સરસ્વતીજી ), હતા અને લઘુ પુત્ર આપણા જીવન ચરિત્રના નાયક વૈદ્યરાજ પ્રભુરામજી હતા. વૈદ્યરાજનો જન્મ સં. ૧૮૯૨ ના આશ્વિન વદ ૧૪ ને દિવસે પોરબંદરમાં ઉક્તપુરૂષોના ધાર્મિક કુટુંબમાં થયો હતો.

વૈદ્યરાજ ત્રણ વર્ષના થયા કે તેમના પિતા અને ચાર વર્ષના થયા કે તેમનાં માતા કૈલાસવાસી થયાં. આમ ઉત્તરોત્તર પિતા માતાના કૈલાસવાસથી વડીલ બંધુ જયકૃષ્ણ સાથે આપણા બાળ વૈદ્યરાજ પોતાના તીર્થરૂપ કાકાશ્રી પુરૂષોત્તમજીની નિર્મળ દૃષ્ટિ સમીપ વિદ્યા દેવીના પ્રસાદ સહિત પણ આડંબર રહિત મંગળમય ઉત્સંગમાં ઉછરવા લાગ્યા.

ધાર્મિક કુટુંબમાં જન્મેલા આપણા બાળ વૈદ્યરાજમાં સરલતા, વિવેક, સત્યવાદિતા, દયા, લજ્જા, સ્મિતપૂર્વાભિભાષિતા, નિષ્પક્ષપાતિતા, ધર્માભિમાન,

સતતોદ્યોગ વગેરે સાત્વિક ગુણોએ જન્મથીજ વાસ કર્યો હતો. તેમાં પણ નિયમિતપણું તથા સતતોદ્યોગ, આ બે ગુણો, તેમના જીવનના મુખ્ય મંત્રો હતા. જેના પ્રભાવથીજ વૈદ્યરાજ ઐહિક તથા પારમાર્થિક આત્મોન્નતિ સાથે પરોપકાર કરવાને સમર્થ થયા હતા.

---

## પ્રકરણ ૨ જું.

## વિદ્યાધ્યયન.

આર્ય લોકોમાં બ્રહ્મચર્યાવસ્થાને વિદ્યાકાળ કહેવામાં આવે છે. ઉપનયન સંસ્કાર થયા પછી ગુરૂએ શિષ્યને શૌચ, આચાર, સંધ્યાવંદન, સ્વશાખાનો વેદ વગેરે શિખવવું જોઇએ; અને પછી વ્યાવહારિક વિદ્યામાં શિષ્યે પ્રવેશ કરવો જોઈએ.

બાળ વૈદ્યરાજે પણ યોગ્ય વયમાં આવતાં પોતાના વડીલ કાકા તરફથી વેદવિધિ અનુસાર સંસ્કૃત થયા પછી પોતાના કુળાચાર પ્રમાણે શૌચ, સંધ્યાવંદનાદિક શીખીને વેદાધ્યયન આરંભ્યું હતું; સ્વશાખાનો વેદ ભણ્યા પછી પુરાણાદિક આજીવનની વિદ્યાનો પણ યથોપયોગ અભ્યાસ કર્યો હતો. આચારાદિકનાં અધ્યયન માટે તો તેમનું ધાર્મિક કુટુંબ એક શાળાજ ગણાતી હતી, તેનો સહવાસ એજ સૌ કોઈને અધ્યયન હતું.

વિદ્યાદેવીના મંગળમય ઉત્સંગમાં જીવન ગાળતાં બાળ વૈદ્યરાજ પંદર વર્ષની વયના થવા આવ્યા, તે સમયે પ્રખ્યાત શિઘ્રકવિ શાસ્ત્રી શંકરલાલ માહેશ્વરનાં બેન સૌ: રળીઆતબાઈ સાથે તેમનાં લગ્ન થયાં. સંસાર શાળાના વિદ્યાર્થી થયાં છતાં પણ બાળ વૈદ્યરાજ સરસ્વતી દેવીનું વાત્સલ્ય વિસરી ગયા ન હતા. તેમણે પોતાનો વિદ્યાભ્યાસ ચાલુજ રાખ્યો હતો.

હમણાં પોતાનાપર આવી પડેલી ગૃહધુરાના વહન તરફ વૈદ્યરાજનું લક્ષ્ય ગયેલું જોવામાં આવે છે. તેમણે પોતાના પૂર્વજોનો સત્કાર કરનારા માણાવદરમાં ખાનશ્રી કમાલુદ્દીનખાનને આશ્રયે જવાનું યોગ્ય ધાર્યું. માણાવદરમાં વૈદ્યરાજના પૂર્વજોને ગ્રાસમાં ક્ષેત્રવાડી મળ્યાં હતાં તથા પ્રગણામાં પણ કથા વાર્તા કરવાનો તેમનોજ હક્ક બાબીઓએ સ્થાપિત કરી આપ્યો હતો: પરંતુ કેટલાંએક વર્ષો થયાં તેની સંભાળ ન લેવાયાથી તે અવ્યવસ્થિત દશામાં આવી

પડયું હતું. આપણા બાળ વૈદ્યરાજ તેની સંભાળ લેવાને માણાવદર ગયા. તે સમયે કમાલુદ્દીનખાન માણાવદરમાં રાજ્ય કરતા હતા. કમાલુદ્દીનખાન વિદ્યાના સારા શોખિન હતા અને વિદ્વાનો તથા ગુણીજનોના પોષક હતા, તેથી તેની કચેરીમાં સારા સાહિત્ય વેત્તાઓ ઉપરાંત બીજા પણ ગુણીજનો હાજરી આપતા હતા અને અનેક પ્રસંગોપર વાદવિવાદો ચલાવતા હતા. કમાલુદ્દીનખાન વિદ્વાનોના વાદવિવાદો સાંભળીને બહુ શ્રુત થઈ ગયા હતા. અહીં નવા નવા વિદ્વાનોના સમાગમમાં આવતાં આપણા બાળ વૈદ્યરાજની બુદ્ધિપણ અંકુરિતા થઇ હતી.

એક દિવસે ખાનશ્રી કમાલુદ્દીનખાને વૈદ્યરાજને એકાંતમાં બોલાવીને કહ્યું કે; તમારા પૂર્વજો અને અમારા પૂર્વજોનો સંબંધ ધ્યાનમાં લઇને મારે તમને તમારા હિતની વાત કહેવીજ જોઈએ. તમે તમારી પરંપરાની વૈદ્ય વિદ્યાનો સારો અભ્યાસ કરીને તેનો અમને લાભ આપો એવી મારી ઈચ્છા છે. આમ કરવાથી તમારી પ્રતિષ્ઠામાં સારો વધારો થશે, અને અમને તથા લોકોને તમે ઉપયોગી થઇ પડશો.

વૈદ્યરાજ, જન્મથીજ બુદ્ધિશાળી હતા. તેમણે કમાલુદ્દીનખાનના ઉપદેશને પોતાની ઉન્નતિનું સાધન માન્યો અને તુરત પોતાના બનેવી વૈદ્યરાજ વિઠ્ઠલભટ્ટજી પાસે વૈદ્ય વિદ્યા ભણવા સારૂં જામનગર તરફ ચાલી નિકળ્યા.

તે સમયે કાઠિયાવાડમાં વિઠ્ઠલભટ્ટજી પ્રથમ પંક્તિના વૈદ્ય ગણાતા હતા. અને તેમનું ઘર વૈદ્યવિદ્યા શીખતા ઘણા વિદ્યાર્થીઓથી રાત દિવસ ગાજી રહેતું હતું. વૈદ્યરાજ પ્રભુરામે જ્યારે વિઠ્ઠલભટ્ટજી પાસે વૈદ્ય વિદ્યાનું અધ્યયન આરંભ્યું હતું, તે સમયે પ્રખ્યાત વૈદ્યરાજ ઝંડુભટ્ટજી, વૈદ્યરાજ કતાભટ્ટ ઉર્ફે રૂઘનાથજી, વૈદ્યરાજ બાવાભાઇ વગેરે નામાંકિત વૈદ્યરાજોએ પણ અભ્યાસ આરંભ્યો હતો.

આપણા બાળ વૈદ્યરાજ, વિદ્યાભ્યાસ માટે ઘણાજ ખંતી હતા. તે પોતાના ગુરૂ વિઠ્ઠલભટ્ટજીની પાસેજ સુતા અને બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી દાંતણ પાણી કરી જેવા ગુરૂજી ઉઠતા કે તુરત પ્રથમ પાઠ પોતે લેતા હતા. આ પ્રસંગે શુશ્રુષા, વિનય, નિયમિતપણું, સભ્યતા વગેરે સાત્વિક ગુણો વૈદ્યરાજે ગુરૂસેવામાં દર્શાવી આપ્યા હતા, જેથી તેઓ વૈદ્ય વિદ્યા સંપાદન કરતાં ગુરૂ કૃપા મેળવવામાં વિજયી નિવડયા હતા. જેમ જેમ ગુરૂપ્રીતિ વધતી ગઈ તેમ તેમ વિદ્યાભ્યાસમાં પણ વધારો થવા લાગ્યો. જે કાળમાં વૈદ્યરાજ અભ્યાસ કરતા હતાં તે સમયમાં વૈદ્યક ગ્રંથો બીલકુલ મળતાજ નહીં, તેથી વૈદ્યરાજ જેમ જેમ ગ્રંથને ભણતા જતા તેમ તેમ ગ્રંથ લખતા જતા હતા.

અભ્યાસ નિયમિત રીતે ચાલવા લાગ્યો પરંતુ "સારાં કામ આડાં સો વિઘ્નો" એ કહેવત પ્રમાણે વૈદ્યરાજના અધ્યયનમાં અકસ્માત્ વિઘ્ન આવી પડ્યું. તે વખતે જામનગરમાં એકાએક કોલેરા ફાટી નિકળ્યો અને વૈદ્યરાજનાં બેન, તેનો ભોગ થઈ પડ્યાં. તે વખતે વૈદ્યરાજે પોતાનાં બેનની પરિચર્યામાં રાત દહાડો રહીને ગુરૂભક્તિ દર્શાવી આપી હતી, બેન તો સાજાં થઇ ગયાં પરંતુ પાછળથી વૈદ્યરાજ તે રોગના ભોગ થઈ પડ્યા. આ પ્રસંગથી સંબંધીઓ બહુજ ઉદાસ થઈ ગયા પણ અંતર્યામી ઇશ્વરે વૈદ્યરાજના લોકોપકારક ભાવિ જીવન તરફ દૃષ્ટિ કરીને તેમને રોગ મુક્ત કર્યા.

કોલેરાના ભયંકર મુખમાંથી મુક્ત થયા પછી વૈદ્યરાજે પાછો પોતાનો અભ્યાસ આરંભ્યો; તે સમયે સૌ સંબંધીઓ તેમની નબળી તબીયતને ધ્યાનમાં લઈને તેમને થોડો સમય વિશ્રાંતિ લેવા માટે ઘેર જવાની ભલામણ કરવા લાગ્યા ; પરંતુ વૈદ્યરાજ પોતાના નિયમિતપણાથી તથા સતતોદ્યોગી સ્વભાવથી આરંભેલા કાર્ય પાછળ ખંતથીજ મંડી રહ્યા. વિદ્યાભ્યાસ પુરો કરીને પોતાને ઘેર જતી વેળાએ ગુરૂની આજ્ઞા માગી. તે સમયે ગુરૂએ વિદાયગિરી આપતાં કહ્યું કે, "જા તારી વિદ્યા તને ફળદાયિની" નિવડશે. વૈદ્યરાજના સંબંધમાં થયું પણ એમજ. એમણે વૈદ્યવિદ્યાથી પોતાની સંપૂર્ણ ઉન્નતિ કરી હતી એટલુંજ નહી પરંતુ મૃત દશામાં આવી પડેલી આર્ય વૈદ્યવિદ્યાની ઉન્નતિને માટે પણ યાવજ્જીવિત અમોઘ પ્રયત્નો પણ આરંભ્યા હતા અને ઉત્તમ વૈદ્યો અને ડાકટરોની દેખરેખ નિચે ઉત્તમપ્રતિની વૈદ્યકસંસ્થા પણ સ્થાપી ગયા છે, જેમાં હાલ વિદ્યાર્થીઓ પદ્ધતિપૂર્વક આયુર્વેદનું અધ્યયન કરે છે.

---

## પ્રકરણ ૩ જું.

## પ્રાચીન કીર્ત્તિનો પુનરૂદ્ધાર.

વિદ્યાભ્યાસ કરીને પોરબંદરમાં આવ્યા પછી પોતાના હિતૈષી ખાનશ્રી કમાલુદ્દીનખાન તરફ વૈદ્યરાજનું ધ્યાન આકર્ષાયું, જેમના તરફથી પોતાને વૈદ્ય વિદ્યાનો અભ્યાસ કરવાની ઉત્તમ સલાહ મળી હતી, તેમનેજ પ્રથમ તે વિદ્યાનો લાભ આપીને તેમના ઋણમાંથી મુક્ત થવાય તો સારૂં, આમ વિચાર કરીને વૈદ્યરાજ પ્રભુરામ તુરત માણાવદર ગયા અને ખાનશ્રીની તેહેનાતમાં રહીને તેમને પોતાની વૈદ્ય વિદ્યાનો લાભ આપવા લાગ્યા. આ સમયે તેમના ભાણેજ

રા. રા. જટાશંકર, વૈદ્યરાજની પાસે વૈદ્યવિદ્યાનું અધ્યયન કરતા હતા, તેમની પરિચર્યાથી વૈદ્યરાજ, નિશ્ચિંતપણે દરબાર શ્રીની આજ્ઞાનુસાર ઔષધો તૈયાર કરવામાં ગુંથાયલા રહેતા હતા.

ત્યાં આગળ દરબારની નવી નવી ફરમાશો ઉપરથી તેમજ કેટલાએક દરદીઓની સારવાર કરવાનો પ્રસંગ પડવાથી વૈદ્યરાજની વૈદ્યક વિદ્યામાં ઉત્તરોત્તર વધારો થવા લાગ્યો હતો. તેમને કાર્ય પરત્વે વખતો વખત યુનાની ગ્રંથો જોવાનો પ્રસંગ પણ પડતો હતો. આ અભ્યાસક્રમથી તેમનામાં અનુભવ જ્ઞાન સાથે વૈદ્યક જ્ઞાનની દિનપર દિન વૃદ્ધિ થવા લાગી હતી. તેઓ જે કંઈ શોધ કરતા તે પાકા પાયાપર કરતા હતા. વૈદ્ય વિદ્યામાં કેટલીએકજ અલૌકિક વાતો લખેલી છે અને જેમાં સત્યતા કરતાં પ્રસંશા અને અર્થવાદો વિશેષ જોવામાં આવે છે, તેવી વાતો તરફ તેઓ અનાદર ધરાવતા હતા. જેટલું સત્ય લાગતું તેટલુંજ નિષ્પક્ષપાતપણે ગ્રહણ કરવાની તેમનામાં ટેવ હતી, આ ગુણે તેમને પાશ્ચાત્ય વિદ્યાની સત્ય વાતો તરફ વાળ્યા હતા. અને તેવી બાબતોનો પ્રસંગ નિકળતાં પાશ્ચાત્ય વૈદ્ય વિદ્યાના માન્ય વિચારોનાં વખાણ કરવાને પણ તેઓ ચુકતા નહી. આ તેમની ગુણગ્રાહકતા અને તેમની વિદ્વત્તાનું ઉજવળ દૃષ્ટાંત હતું.

તરૂણ વૈદ્યરાજ શોધકવૃત્તિથી તથા નિષ્પક્ષપાતપણે કાર્ય કરવાની શૈલીથી કમાલુદ્દીનખાનને બહુજ પ્રિય થઈ પડયા હતા. તેમણે પોતાના પૂર્વજોએ મેળવેલો ગ્રાસ પાછો મેળવીને પોતાના પૂર્વજોની કીર્તિનો પુનરૂદ્ધાર કર્યો હતો.

રાજા તરફથી આદરભાવ થતાં પ્રજામાં પણ વૈદ્યરાજની લાજ આબરૂ ઘણીજ વધી હતી, પરંતુ એટલામાં વૈદ્યરાજને નેત્ર રોગ લાગુ પડયો. પોતાને આશ્રય આપનારા ગુણજ્ઞ રાજાની સેવા બજાવતાં જે રાત્રિના ઉજાગરાઓ થતા હતા તેથી આ રોગ લાગુ પડયો હતો. ખાનશ્રી, દિવસે ઉંઘી રહેતા હતા અને સઘળું રાજકાજ રાત્રેજ કચેરી ભરીને કરતા હતા. તે સમયે આપણા તરૂણ વૈદ્યરાજને પણ હાજરી આપવી પડતી હતી, તેનું આ પરિણામ હતું.

નેત્રનો વ્યાધિ થવાથી વૈદ્યરાજને એકદમ માણાવદર છોડવું પડયું અને તે પોતાની જન્મભૂમિ પોરબંદરમાં આવીને રહ્યા. આમ થયા છતાં પણ પોતાના ઉપકારી ખાનશ્રીને વખતો વખત વૈદ્યક સંબંધી સલાહ આપવાને તેઓ ચૂકતા ન હતા. વૈદ્યરાજ પોતાની ગેરહાજરીમાં પોતાના ભાણેજ રા. રા. દલ-

પતરામજીને પોતાના વતી માણાવદરમાં મુકી આવ્યા હતા. તેઓ વૈદ્યરાજ તરફથી કામકાજ કરતા હતા અને રાજા તેમજ પ્રજામાં વૈદ્યરાજના પૂર્વજોની પ્રતિષ્ઠા જાળવવામાટે બહુજ સભ્યતાથી વર્તતા હતા.

વૈદ્યરાજે થોડા કાળના નિવાસમાં પણ માણાવદરના અને તેની આસપાસના ગામના લોકોની એટલી બધીતો પ્રીતિ સંપાદન કરી હતી કે હજી પણ માણાવદરના લોકો વૈદ્યરાજનાં ફાટતે મ્હોડે વખાણ કરે છે એટલુંજ નહીં પરંતુ શુભાશુભ પ્રસંગોમાં હજી પણ ભાગ લઇને તે ઉપકારનો બદલો વાળે છે.

---

## પ્રકરણ ૪ થું.

## વનસ્પતિનો શોધ.

પોરબંદરમાં નિવાસ કર્યા પછી વૈદ્યરાજને કેટલીએક જાતની સ્વતંત્રતા મળી હતી. તે જાતે ઉદ્યોગી અને શોધક હોવાથી અવકાશની વેળાએ વૈદ્યક વિદ્યામાંજ ઉતરોત્તર વધારો કર્યા કરતા હતા.

વનૌષધિ એ પણ વૈદ્યક વિદ્યાનું એક અંગ ગણાય છે અને દરેક વૈદ્યને તેના પરિજ્ઞાનની પણ બહુજ જરૂર છે પરંતુ દેશ ઉપર નવનવી રાજ્યક્રાંતિ થવાથી આયુર્વેદની પડતી સ્થિતિને લીધે ઔષધીનું પરિજ્ઞાન પણ આજકાલ વૈદ્યોને બિલકુલ નથી. તેઓ ઔષધીઓને માટે કેવળ ગાંધીઓ પરજ આધાર રાખી બેસે છે પછી ગાંધી એકને બદલે ગમે તે ઔષધી કાં નથી આપતો. આ અવ્યવસ્થા તરફ વૈદ્યરાજનું ધ્યાન ખેંચાયલું હતું અને તે દોષ દૂર કરવાની તક પણ તે શોધતા હતા એટલામાં પોરબંદર મુકામે તેમને અવકાશ મળતાં તે તરફ તેમનું લક્ષ્ય ગયું અને વૈદ્યરાજે વનૌષધિના શોધનો આરંભ કર્યો. વૈદ્યરાજની જન્મભૂમિથી થોડે દૂર બરડા નામનો પર્વત છે, જે વનૌષધિ માટે કાઠિયાવાડમાં હમણા પણ પંકાય છે, તેની વૈદ્યરાજ વખતો વખત ભેટ લેવા લાગ્યા અને વનૌષધિનું જ્ઞાન સંપાદન કરવા લાગ્યા. તે સમયે કેટલાએક જંગલવાસી કઠિયારાઓની પણ વૈદ્યરાજ ઔષધિ પરિજ્ઞાનમાં સહાયતા લેતા હતા. ઔષધીઓનો શોધ કરતી વખતે તેમણે ધીરેધીરે ઔષધિઓનો સંગ્રહ પણ આરંભ્યો હતો.

વૈદ્યરાજ અકકેકી ઔષધીને પ્રથમ લીલી ડાંખળી, પાદડાં, પુષ્પ અને ફળ સાથે કાપી લેતા હતા અને તેને પાતળા કાગળમાં લપેટીને છાયામાં

સુકવતા હતા. જ્યારે તે સુકાઈ જતી ત્યારે તેને અમદાવાદી કાગળના બેવનમાં ગોઠવી દઈને તેના ઉપર નામ, જાતિ, વર્ગ વગેરે લખીને એક ગ્રંથમાં મૂકતા હતા. તડકે સુકવવાથી પાદડામાંથી તેમજ ડાખળીમાંથી કોમળતા જતી રહીને જડતા પ્રાપ્ત થાય છે અને તે લાંબા વખત સુધી ટકી શકતી નથી પણ સૂર્યના તાપથી જડ થયેલાં પાદડાં પુષ્પ, ડાંખલી વગેરે ભાંગીને ભુકો થઇ જાય છે. પરંતુ છાયામાં સુકવેલી ઔષધિ લાંબા વખત સુધી અખંડ જળવાઈ રહે છે.

વૈદ્યરાજનો લાંબા વખત થયા ચાલુ રહેલો આ મહાન પ્રયત્ન આ લેખક જ્યારે મુંબઇમાં ભયંકર મરકી ચાલતી હતી તે વખતે ઈ. સ. ૧૮૯૭ ની સાલમાં વૈદ્યરાજને મળવા માટે ઘાટકુપર ગયો હતો, તે વખતે પણ તે પ્રયાસ ચાલુજ હતો. વૈદ્યરાજ તે સમયે ઘાટકુપરના સ્ટેશનની જમણી બાજુપર એક પારસીની વાડીમાં રહેતા હતા. આ વાડીમાંના મકાનો ઘણાંજ જીર્ણ સ્થિતિમાં આવી ગયાં હતાં અને આસપાસનું ઉદ્યાન પણ મૃચ્છકટિકના જીર્ણ કરંડોદ્યાનની પદવીને પાત્ર થયેલું હતું, ઠેકાણે ઠેકાણે વૃક્ષોપરથી ખરી પડેલાં પાદડાઓના ઢગોથી આંબાઓની ગીચ ઝાડી ભરપૂર દેખાતી હતી તથા અનેક જાતની લતાઓ અને વૃક્ષો પણ મનસ્વીપણે પોતાની પલ્લવાં ગુલીઓવડે આગંતુકોને આહ્વાન કરતાં પવનની લહરીઓમાં હીંચોળા ખાઈ, ગમત કરી રહ્યાં હતાં. ઔષધીઓના શોધક વૈદ્યની શોધને કેટલીએક રીતે આ ઉદ્યાન સહાયભૂત થઈ પડે તેવું હતું.

આ ઉદ્યાનમાં આવેલા બંગલાની પાછળના ભાગમાં એક નાની બંગલી ઉપર વૈદ્યરાજે પોતાનો નિવાસ રાખ્યો હતો અને ત્યાં આગળ જુદી જુદી ઔષધિઓનો સંગ્રહ કરવામાં પોતે રાત દાહાડો ગુંથાયલા રહેલા હતા.

મેં જેવો મેડામાં પગ મૂકયો કે વૈદ્યરાજે પોતાના સંગ્રહનું કામ આગળ ચલાવવું બંધ કર્યું અને પોતાની પાસે પડેલી જુદી જુદી ઔષધિઓ મને બતાવીને તેના ગુણદોષનું વર્ણન કરવા લાગ્યા. તેમણે પોતાના સંગ્રહનો ઈતિહાસ કહેતાં બરડાના ડુંગરમાં પાકતી ઔષધિઓની, પોતે કરેલા સંગ્રહની અને સંગ્રહ વેળાએ પોતાને પડેલી મુશ્કેલીઓની વાતો કહી બતાવી હતી. તે પછી વનસ્પતિની અવયવ રચના વિશે કેટલુંક વિવેચન કરતાં તેઓ સ્પષ્ટપણે બોલ્યા હતા કે આપણા આયુર્વેદમાં વનસ્પતિના ભેદના સંબંધમાં જે વિચાર કર્યો છે, તેનાં કરતાં હજાર ગણો પાશ્ચાત્ય પંડિતોએ વિચાર કર્યો છે. અને તેની

ઉત્પત્તિ તથા રચનાના સંબંધમાં મોટા મોટા ગ્રંથો પણ લખાયલા છે તથા તેના સંબંધમાં હજી પણ શોધો ચાલુજ છે.

વૈદ્યરાજના ઉપલા વિચારો તેમના પક્ષપાતરહિત શુદ્ધ વલણનું એક દૃષ્ટાંત છે.

ભારતવર્ષ, એ ઔષધીઓનો અનાદિ કાળથી ભંડાર ગણાતો આવ્યો છે. અને આયુર્વેદના આચાર્યોએ તથા વરાહમિહિરે વનસ્પતિની ભિન્ન ભિન્ન જાતિઓ તથા તેમની ઉત્પત્તિના સંબંધમાં પોતાના વિચારો દર્શાવ્યા છે એ વનસ્પતિ શાસ્ત્રવેત્તાઓના જાણવાથી બાહાર નથી, પરંતુ પાછલા અધઃપાતના કાળમાં નવીન શોધો કરવી તો એકતરફ રહી પરંતુ આપણા પૂર્વજોએ આપણે માટે સિદ્ધ કરેલી બાબતોની પણ આપણે સંભાળ લેવામાં પછાત પડતા ગયા છીએ, તે એટલે સુધી કે આજકાલ ચરક, સુશ્રુત અને નિઘંટમાં લખેલી ઔષધીઓને ઓળખવાની પણ મોટી મુશ્કેલી થઈ પડી છે. પ્રાચીન કાળથી ઉતરી આવતું ઔષધીઓનું પરિજ્ઞાન, કાળના ફેરફારની સાથે વિચ્છિન્ન થઈ ગયું છે, તેથી કેટલીએક ઔષધીઓનાં નામો કે જે આયુર્વેદમાં ઉપલબ્ધ થાય છે તે ઔષધીઓને આજની ભાષામાં શું કહે છે? તેઓની આકૃતિ કેવી છે? તેની ઉત્પત્તિ ક્યાં થાય છે? તે સઘળું આપણે વિસરી ગયા છીએ, તેથી આપણા ઘરમાંજ અમૂલ્ય ખજાનાઓ ભરેલા છે છતાં આપણે તેનાથી અજ્ઞાન છીએ, તેને લીધે નિર્ધનની પેઠે ઔષધીઓની બાબતમાં પણ આપણે પરદેશીઓના ભિક્ષુક બની બેઠા છીએ.

જ્યારે આપણાજ ઘરનો ખજાનો આપણા પગ આગળ છતાં તેને માટે આપણે બેદરકાર છીએ ત્યારે આપણા વિદ્વાન પાશ્ચાત્ય બંધુઓ અત્યારે પણ તેની પાછળ મહાભારત શોધ ચલાવી રહ્યા છે. તેઓએ છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે ઔષધિને પણ પ્રાણીની પેઠે સજીવ સિદ્ધ કરી છે અને તેમાં અંતર્વર્ધિષ્ણુ, બાહ્યવર્ધિષ્ણુ તથા શીર્ષવર્ધિષ્ણુ એવા ભેદો કલ્પેલા છે. તેમાં કેટલીએક વર્ષાયુ, કેટલીએક દ્વિવર્ષાયુ અને કેટલીએક બહુ વર્ષાયુ, એમ તેનું આયુષ્ય પણ સિદ્ધ કર્યું છે. અદલ અને દ્વિદલનો પણ વિચાર કર્યો છે, તથા તેના ખોરાક, શ્વાસ, રસાભિસરણ, નાડીયો, જનનેન્દ્રિય વગેરેની પણ બહુજ સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષા કરીને વનસ્પતિ સંસાર ઉપર ઘણુંજ સારૂં અજવાળું પાડયું છે. આ વાત વૈદ્યરાજ પ્રભુરામ મુંબઈમાં આવ્યા પછી નવા નવા ડાકટરોના સહવાસથી

અને પાશ્ચાત્ય ગ્રંથોના અવલોકનથી જાણવાને સમર્થ થયા હતા અને તેજ વિચારો પોતે ઔષધીઓના પ્રસંગમાં વાત નિકળતાં સ્પષ્ટપણે કહેતા પણ હતા તથા તેજ પદ્ધતિપર તેમણે ઔષધીનો સંગ્રહ કરવા માંડયો હતો.

વૈદ્યરાજ પોતાનાં બોહોળાં કામકાજને લઈને ઔષધીઓનો સંગ્રહ જો કે સંપૂર્ણ કરી શકયા નથી તોપણ લગભગ ચારસો જેટલી ઔષધીઓ અત્યારે તેમના સંગ્રહમાં તૈયાર છે, જે ઔષધીસંગ્રહ વનસ્પતિશાસ્ત્રના શોધકને ખરેખર એક અમુલ્ય ધનભંડારની ગરજ સારે તેવો છે.

---

## પ્રકરણ ૫ મું.

## વૈદ્યરાજનું મુંબઈમાં આવવું.

વૈદ્યરાજ પ્રભુરામ જેવા ઉદ્યોગી અને ઉત્સાહી હતા તેવીજ રીતે ભાગ્ય પણ તેમને અનુકૂળતાજ આપતું જતું હતું.

મુંબઇના પ્રખ્યાત શેઠ ઑનરેબલ મુરારજી ગોકુળદાસ સી. એસ. આઇ. વિક્રમ સંવત્ પચીસની સાલમાં દ્વારકાની યાત્રાએ ગયા હતા, ત્યાંથી પાછા ફરતી વખતે પોતાની જન્મભૂમિ પોરબંદરમાં આવ્યા, તે સમયે તેમના એક કુટુંબીને તાવ ચઢી આવ્યો અને પાછળથી સન્નિપાત પણ શરૂ થયો. યાત્રામાં મુંબઈના પ્રસિદ્ધ ડાકટર નારાયણ દાજી સાથે હતા, તેમણે તુરત રોગી પર ઉપચારો આરંભ્યા પરંતુ રોગીને કંઈ પણ ફાયદો જણાયો નહીં તેથી કુટુંબીઓમાં ગભરાટ ફેલાયો. અને સૌ વિચારમાં પડી ગયા.

આપણા વૈદ્યરાજ તે સમયે પોરબંદરમાં આયુર્વેદાનુસાર વૈદ્યકનો ધંધો કરતા હતા, તેમને રોગીની પરિચર્યા માટે બોલાવવામાં આવ્યા. વૈદ્યરાજના વૈદ્યક જ્ઞાન સંબંધી પરિચય મુંબઇના પ્રસિદ્ધ એન્ટીક્વેરીયન પંડિત ભગવાનલાલ દ્વારાજ શેઠ મુરારજી ગોકુલદાસને થયો હતો. વૈદ્યરાજની સહાય માગતાં તેમણે ઘણીજ ખુશીથી રોગીની ચિકિત્સા આરંભી અને રોગીને રોગમુક્ત કરીને ડાકટર ભગવાનલાલે પોતાના સંબંધમાં જે વિચારો શેઠ મુરારજી ગોકુલદાસની પાસે જાહેર કર્યા હતા; તે ખરા પાડી આપ્યા હતા. એટલુંજ નહી પરંતુ ડાકટર નારાયણ દાજી તથા શેઠ મુરારજી ગોકુલદાસના મનમાં પોતાની વિદ્વત્તાને માટે ઉંચો વિચાર બેસાર્યો હતો. આ ચિકિત્સા વિજયી નિવડવાથી લોક

દૃષ્ટિએ જો કે આપણા વૈદ્યરાજને માન મળ્યું હતું પરંતુ ખરી રીતે જોતાં તો ડાકટરોમાં નિંદા પાત્ર થયેલી આપણી પ્રાચીન વૈદ્યક વિદ્યાનેજ માનમળેલું હતું.

વૈદ્યરાજે જે રોગીને રોગમુક્ત કર્યો હતો તે શેઠ લખમીદાસ ખીમજી જે. પી. નો પણ સંબંધી થતો હતો; તેથી વૈદ્યરાજને તે શેઠની સાથે પણ નવી ઓળખાણ થઇ હતી. આ બન્ને ગૃહસ્થોનો પરિચય વૈદ્યરાજના મુંબઇમાં સ્થાયી વાસના કારણરૂપ થઈ પડયો હતો.

વૈદ્યરાજને મુંબઇના સદ્દગૃસ્થોની સાથે નવીન પરિચય થયો હતો તે સમયમાં તેમનાં પત્નીને નેત્રરોગ લાગુ પડયો હતો; તેથી ચિકિત્સામાટે ડાક્તર નારાયણ દાજી તથા શેઠ મુરારજી ગોકુળદાસે વૈદ્યરાજને મુંબઇ આવવાનો બહુજ આગ્રહ કર્યો, પરંતુ તે સમય એવો હતો કે મુંબઈ જવાનાં રેલવે, આગબોટ વગેરે જેવાં સાધનો હાલમાં છે, તેવાં સાંધનો તે સમયે ન હતાં. કાઠીયાવાડથી મુંબઈ આવવું એ કામ બહુજ કઠિન ગણાતું હતું. તોપણ સદ્દગૃહસ્થોના નવીન પરિચયને અને તેઓના મોટા આગ્રહને માન આપીને સં૰ ૧૯૨૧ ની સાલમાં પોતાનાં પત્નીના નેત્રરોગની ચિકિત્સા માટે વૈદ્યરાજ મુંબઇ આવ્યા.

વૈદ્યરાજ મુંબઈજવાની તયારી કરવા લાગ્યા તે ખબર પોરબંદરમાં ફેલાતાં પોરબંદરની સર્વે પ્રજા અને વિદ્વાન કાર્યભારી મંડળ વૈદ્યરાજના વિયોગને માટે અત્યંત ઉદાસ થઈ ગયું હતું અને પોરબંદરના કાર્યભારી મંડળે વૈદ્યરાજને જતી વખતે એક માનપત્ર આપીને પોતાની વૈદ્યરાજ પ્રત્યેની ભક્તિ દર્શાવી આપી હતી.

વૈદ્યરાજના મુંબઈ જવાથી પોરબંદરવાસીઓએ તો ખરેખર એક હીરોજ ગુમાવ્યો હતો; પરંતુ વૈદ્યરાજની તેમાં ભાવી ઉન્નતિ સમાયલી હતી, તેમણે એવા તો મંગલમય સમયે મુંબઇના કીનારા પર પગ મૂકયો હતો કે મુંબઈમાં આવતાં તેમની વૈદ્યવિદ્યાનો કેટલાક ગૃહસ્થો લાભ લેવા લાગ્યા. જે કામને માટે પોતે આવ્યા હતા તે કાર્ય તો સિદ્ધ થયું નહીં અર્થાત્ પોતાનાં પત્નીનો નેત્રરોગ તો સારો થયો નહીં પરંતુ બીજી તરફ તેમની વૈદ્ય વિદ્યાને સારો આશ્રય મળવાથી તેમણે આરંભેલું વૈદ્યકકાર્ય ઉત્સાહ ભેર ચાલવા લાગ્યું. તેમનો ઔષધોપચાર જેમ જેમ વિજયી નિવડતો ગયો તેમ તેમ લોક વલણ તેના તરફ આકર્ષાવા લાગ્યું. આ સમયે તેમના બાલ્ય કાળના સહાયક સતતોદ્યોગ તથા નિયમિતપણું આ બન્ને ગુણોએ તેમણે આરંભેલા કાર્યમાં તેમને સંપૂર્ણ સહાયતા આપી હતી.

જે સમયે વૈદ્યરાજે કાલિકા દેવીના માર્ગ ઉપર ઔષધાલય સ્થાપ્યું હતું તે સમયે દેશી વૈદ્યક વિદ્યાની સ્થિતિ બહુજ સાધારણ દશામાં હતી અને ડાકટરો દેશી વૈદ્યકની તરફ બહુજ ધિક્કારની નજરે જોતા હતા. તેઓ સમજતા હતા કે દેશીવૈદ્યકમાં ખરી રીતે જોતાં વૈદ્યક જેવું કંઈજ નથી. તેઓનું આમ માનવું તેઓના આર્ય વૈદ્યવિદ્યાના અજ્ઞાનને લીધે હતું અને તેથી તેઓ જેટલા ઠપકાપાત્ર હતા તેના કરતાં વિશેષ દયાપાત્ર હતા. આપણા તરૂણ વૈદ્યરાજને તે સમયે તેવા વિરૂદ્ધ વિચારના ડાકટરોની સામે રહીને કામ લેવાનું હતું. આ બાબતમાં ડાકટરો જ્યારે રાજ્યબળ ધરાવતા હતા ત્યારે આપણા વૈદ્યરાજને કેવળ પોતાની વૈદ્યવિદ્યાનોજ આધાર હતો. દેશીવૈદ્યક તરફ ધિક્કાર દેખાડનારાઓમાં સ્વર્ગવાસી ડાકટર સખારામ અર્જુન દેશી વૈદોની વિરૂદ્ધમાં બહુજ સખત વિચારો ધરાવતા હતા અને તેણે દેશી વૈદું અટકાવવા માટે સરકારમાં અરજી સુદ્ધાંત કરી હતી. પરંતુ આપણા વૈદ્યરાજે જ્યારથી એક બે પ્રસંગોમાં તેને દેશી વૈદ્યવિદ્યાની ખરી મહત્તા દેખાડી આપી હતી, ત્યારથી તે દેશી વૈદ્યોઉપર હુમલા કરતાં અટક્યા હતા.

એક વખતે એક ભાટીયા ગૃહસ્થ દમના દરદથી પીડાતા હતા, અને તેનો ઉપચાર સ્વર્ગવાસી ડાક્તર ગોપાળ શિવરામના હાથમાં હતો. આખરે ડાક્તર ગોપાળે રોગીના રોગની હઠીલાઈથી ઉદાસ થઇને તેના સંબંધીને રોગીના જીવન વિશે નિરાશા બતાવી. રોગીના સંબંધીઓ તેથી હારી ન જતાં આપણા વૈદ્યરાજની પાસે આવ્યા અને તેમને રોગીની ચિકિત્સા માટે આમંત્રણ કર્યું. વૈદ્યરાજે તે દરદીના દરદનું નિદાન કરીને તેને દમના ઉપચારો આરંભ્યા તેથી થોડાક સમયમાં રોગી સારો થઈ ગયો. ગુણપક્ષપાતી ડાક્તર ગોપાળને કાને તે વાત જવાથી તુરત તેમણે વૈદ્યરાજની ભેટ લીધી અને વૈદ્યરાજની સાથે તે રોગીના રોગ સંબંધી વાતચિત કરી. વૈદ્યરાજે ડાકટરની પાસે તેના રોગનો ખુલાસો કર્યો, તે ઉપરથી ડાકટર ગોપાળે વૈદ્યરાજની રોગપરીક્ષાની રીતની પ્રસંશા કરતાં તેના દેશી ઉપચારો પણ જાણવાની ઇચ્છા દર્શાવી હતી અને તે દિવસથી તે આપણા વૈદ્યરાજના તરફ બહુજ માનની દૃષ્ટિથી જોતા હતા.

વૈદ્યરાજે આવા અનેક પ્રસંગોમાં અનેક દેશી ડાકટરો અને ઇંગ્રેજ ડાક્-ટરોનો મેળાપ થતાં દેશી વૈદ્યકના સંબંધમાં ઘણોજ ઉત્તમ ઘડો બેસાર્યો હતો,

તેથી કેટલાએક દેશી તેમજ ઈંગ્રેજ ડાકટરોમાં તે બહુજ માનીતા થઇ પડયા હતા. ડા. કાર્ટર, ડા. કુક, ડા. મેન્સર, ડા. આર્નેટ વગેરે ઈંગ્રેજ ડાકટરો, તથા ડા. કીર્તિકર, ડા. કુંતે, ડા. ભાઉ દાજી, ડા. નારાયણ દાજી, ડા. સર ભાળચંદ્ર, ડા. ગોપાળ શિવરામ વગેરે દેશી ડાકટરોનું મોટું મિત્ર મંડળ મેળવવાને તેઓ ભાગ્યશાલી થયા હતા.

બીજી તરફ મુંબઈની ગુણજ્ઞ પ્રજાએ પણ વૈદ્યરાજની વિદ્વત્તાનો સંપૂર્ણ રીતે લાભ લેવા માંડયો હતો. સદ્ગૃહસ્થોમાં બહુધા સભ્ય અને વિવેકી વૈદ્યરાજનીજ ચિકિત્સા ચાલતી હતી. આમ હોવાનું બીજું કારણ, વૈદ્યને અંગે હોવા જોઈતા કેટલાએક ખાસ ગુણો વૈદ્યરાજમાં હતા અને તે ગુણોથી રોગીને વૈદ્યરાજ ભાવી જતા હતા. વૈદ્યરાજમાં રોગીને આશ્વસના આપનારા ગુણો હતા અને તે ગુણો પણ તેમની યોગ્યતામાં વૃદ્ધિ કરનારા હતા. આવાં કારણોને લઇને ધીરે ધીરે વૈદ્યરાજના ગ્રાહકોમાં ઘણોજ મોટો વધારો થઈ પડયો હતો.

વૈદ્યરાજ જ્યારે પોતાના વૈદ્યકધંધામાં બદ્ધમૂળ થયા ત્યારે તેમણે પોતાનું ઔષધાલય ઘણા મોટા પાયા ઉપર સ્થાપ્યું; જે ઔષધાલયને પાછળથી તેમના વિદ્વાન પુત્ર ડા. પોપટે પોતાના હાથમાં લેતી વખતે "વૈદ્યરાજ પ્રભુરામ જીવણરામ ઔષધાલય" એવું નામ આપ્યું છે. આ ઔષધશાળામાં તેઓ આયુર્વેદ મતાનુસાર ઔષધો તૈયાર કરતા અને તે દવાનોજ બહુધા ચિકિત્સામાં ઉપયોગ કરતા હતા. છતાં કોઇ પાશ્ચાત્ય દવા સરસ જણાતી તો તેમના તરફ પણ આદર દર્શાવવાને તેઓ ચૂકતા નહીં. જ્યારે રાજકોટમાં અને પુનામાં જાહેર પ્રદર્શનો ભરાયાં હતાં ત્યારે આપણા વૈદ્યરાજે આયુર્વેદ મતાનુસાર કેટલીએક વનૌષધિઓ અને રસાયનો તૈયાર કરીને તે પ્રદર્શનોમાં મોકલી આપ્યાં હતાં. પ્રદર્શનની કમિટીએ તથા મુંબઈમાં ગવર્નરે એ ઔષધોની ઉત્તમ બનાવટ જોઇને વૈદ્યરાજને સંતોષ પ્રદર્શક સોનાના ઉત્તમ ચાંદ ભેટ કર્યા હતા.

આપણા વૈદ્યરાજમાં ઉદ્યોગ અને નિયમ એવા બે ગુણો હતા, તે બન્ને ચક્રોની સહાયતાથી તેમની ઉન્નતિનો રથ અપ્રતિહત ચાલ્યાજ કરતો હતો. તેઓ વિસ્તૃત ગ્રાહકવાળા પોતાના ધંધામાંથી તેમજ બીજાં કેટલાંએક ધાર્મિક અને વ્યાવહારિક કાર્યોમાંથી પણ અવકાશ મેળવીને આયુર્વેદની ઉન્નતિને માટે પ્રયત્નો કર્યા કરતા હતા. તેમણે બરાબર ત્રેવીસ વર્ષ સુધી અવચ્છિન્ન રીતે દવાશાળાનો

કાર્યભાર તથા તેની સાથે ગૃહવ્યવહાર પણ વહન કર્યો હતો. અને ઈ૦ ૧૮૯૩ ની સાલમાં વ્યાવહારિક કાર્યોમાંથી મોકળા થઈને તેઓ વાનપ્રસ્થ થયા હતા. તેમના વડા પુત્ર સાક્ષર શ્રી વિશ્વનાથે મુંબઈ યુનિવર્સિટીના ગ્રાજયુએટ થઈને ગૃહવ્યાહારિકના કાર્યભારમાંથી તથા તેમના નાના પુત્ર રા. ડાકટર પોપટ પ્રભુરામે મુંબઈની ડાકટરી યુનિવર્સીટીમાંથી પાસ થઇને ઔષધ શાળાના સર્વ કાર્યભારમાંથી મુક્ત કર્યા પછી વૈદ્યરાજ વાનપ્રસ્થની સ્થિતિમાં આવ્યા હતા. તો પણ વૈદ્યરાજનો સિદ્ધાંત **कुर्वन्नेवेह कर्माणि जीजीविषेच्छतं समाः** એ વેદવચનાનુસાર પુરૂષાર્થના પક્ષમાં હતો, તેથી તેઓ વખતો વખત નિત્ય કર્મોમાંથી પરવાર્યા પછી આયુર્વેદની ઉન્નતિ માટે તથા ધાર્મિક કાર્યો માટે પ્રયત્નો કર્યા કરતા હતા.

## પ્રકરણ ૬ હું.

## ધાર્મિકજીવનનો આરંભ.

જે કુટુંબમાં વૈદ્યરાજ પ્રભુરામ જન્મ્યા હતા, તે કુટુંબ પરંપરાથીજ વેદધર્માભિમાની હતું અને તે ધર્માભિમાન વૈદ્યરાજને પણ જન્મથીજ વારસામાં મળ્યું હતું. વૈદ્યરાજનું જેટલું જીવન આયુર્વેદના સાહિત્યોદ્ધાર પાછળ રોકાયલું હતું, તેટલુંજ વેદધર્મોદ્ધાર પાછળ પણ રોકાયલું હતું, તેથી બન્ને સાહિત્યો તેમને ઐહિક પારમાર્થિક શ્રેયઃ સાધનનાં ચક્ર થઈ પડયાં હતાં.

ધર્મશ્રદ્ધા કેટલીએક વખતે મનુષ્યને અંધ કરી મૂકીને માનવ પ્રકૃતિને અનુદારતાની સ્થિતિમાં લાવી મૂકે છે તેથી મનુષ્ય વહેમના માર્ગ ઉપર ચઢી જઇને કોઈ પણ જાતનાં ઉદાર કૃત્યો કરી શકતો નથી. આપણા વૈદ્યરાજ આ અંધશ્રદ્ધાથી મુક્ત હતા તેથી તેઓ સત્ય ગ્રહણ કરવાને સમર્થ થયા હતા.

તેમણે મુંબઇના લોકોની પ્રાપંચિક મલીન પ્રવૃત્તિ અને ધાર્મિક અવ્યવસ્થા જોઇને તેમને ઉર્જીત દશામાં લાવવાના હેતુથી વેદોક્ત શ્રવણ સભા સ્થાપીને હૃદયચક્ષુ નામની એક માસિકપત્રિકા પ્રકટ કરી હતી. વેદોક્ત શ્રવણ સભામાં તેમના વડીલ બંધુ મહાત્મા પંડિત શ્રી જયકૃષ્ણજી વેદશાસ્ત્રનુસાર ઉપદેશ કરીને લોકોને સદ્બોધ આપતા હતા અને પત્રિકા સાક્ષર વિદ્વાનોથી લખાતા

ધાર્મિક અને વ્યાવહારિક ઉત્તમ વિષયોથી લોક જીજ્ઞાસાને પૂર્ણ કરતી હતી. આ ઉભય સંસ્થા આપણા વૈદ્યરાજના પરિશ્રમનું ફળ હતું. કેટલોક સમય ઉક્તસભાએ અને પત્રિકાએ મુંબઈની પ્રજાની ધાર્મિક સેવા બજાવી હતી પરંતુ પાછળથી પ્રવૃત્તિચક્રમાં પડેલા લોકોની ઉપેક્ષાથી તે બન્ને સંસ્થાઓ શિથિલ દશામાં આવી પડી હતી, તોપણ આપણા વૈદ્યરાજે તે બન્ને સંસ્થાનાં જીવનને પોતાથી બનતી સહાયતા આપીને ટકાવી રાખી હતી.

સંવત્ ૧૯૩૧ અને ૩૨ની સાલમાં મુંબઇનું વાતાવરણ ધાર્મિક વાદ વિવાદોથી ગાજી રહેલું હતું. ઉભયપક્ષના લોકો બહુજ આગ્રહપૂર્વક પોતાના પક્ષને સબળ કરવા માટે આવેશપર આવી જતા હતા. વેદધર્માભિમાની તરિકે પ્રખ્યાત થયેલા સ્વામી દયાનંદ સરસ્વતી અને ઈતર પક્ષવાળા વચ્ચે વેદમાં મૂર્તિપૂજા 'નથી કે છે' એ વિષય ઉપર તકરાર ચાલતી હતી. મૂર્તિમંડનના હિમાયતીઓ તરફથી વેદાંતભટ્ટાચાર્ય પંડિતશ્રી ગટ્ટુલાલજી બાહાર પડયા હતા ત્યારે મૂર્તિખંડનના હિમાયતીઓ તરફથી સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો. આ વિવાદ વેળા આપણા વિદ્વાન વૈદ્યરાજ પ્રભુરામજી તે ધર્મ વિગ્રહથી અળગા રહ્યા હતા અને તેમણે વેદ તથા ધર્મશાસ્ત્રાનુસાર પોતાના ઉદાર વિચારો હૃદયચક્ષુદ્વારા બાહાર પાડયા હતા. આ વિચારો સહૃદયને ઘણાજ રૂચિકર લાગ્યા હતા, કારણકે તે વિચારો રાગ દ્વેષથી રહિત કેવળ નિષ્પક્ષપાતી હતા. સત્ય વસ્તુ અંધારામાં પણ પોતાનો પ્રકાશ કરે છે. આ કહેવતને વૈદ્યરાજે તે સમયે ખરી પાડી આપી હતી.

વૈદ્યરાજના મનમાં ઘણા દાહાડા થયા ઉક્ત સંસ્થાઓને સારા પાયાપર મૂકવાનો વિચાર હતો, અને આવા ધર્મક્ષોભના સમયમાં તેવી ઉત્તમસંસ્થાની બહુ જરૂર પણ હતી, તેથી તેમણે વેદોકત શ્રવણસમાને બદલીને વેદધર્મસભા સ્થાપન કરી અને હૃદયચક્ષુને આર્યધર્મપ્રકાશને નામે બાહર પાડવામાંડયું. આસંસ્થાએ ધર્મવિગ્રહ વખતે અને તે પછીના સમયમાં પોતાનું જે ઉપયોગીપણું દર્શાવી આપ્યું હતું તેનું માન આપણા વૈદ્યરાજને, તે સમયના સભાના શાસ્ત્રી કાલીદાસ ગોવિંદજીને તથા આર્યધર્મપ્રકાશના માજી તંત્રી કૈલાસવાસી શાસ્ત્રી કેશવલાલને સંપૂર્ણ રીતે ઘટે છે.

વૈદ્યરાજ આટલુંજ કરીને બેસી રહ્યા નહતા પણ તેમણે બ્રાહ્મણો અને બીજા ધર્મજીજ્ઞાસુ હિંદુઓ માટે સં૰ ૧૯૩૯'ની સાલમાં એક સંસ્કૃત

પાઠશાળા સ્થાપન કરીને તેમાં સંધ્યાવંદનાદિક નિત્ય કર્મ, વેદાધ્યયન તથા વ્યુત્પત્તિ માટે વ્યાકરણ કાવ્યાદિકની કેળવણી આપવી આરંભ કરી હતી અને પોતે પણ યથાવકાશ શાળાઓની ભેટ લઇને વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા હતા.

પાછળથી તેમના મનમાં એવો વિચાર આવ્યો કે આપણા ધર્મશાસ્ત્ર, પુરાણો, ઇતિહાસો વગેરે ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે અને લોકો ધર્મજીજ્ઞાસુ છતાં સંસ્કૃત ભાષાથી અજાણ છે માટે તેવા લોકોની ધર્મ જીજ્ઞાસા તૃપ્ત કરવા માટે ધર્મગ્રંથોના ભાષાંતરો કરીને લોકોપકાર કરવાની પણ ઘણીજ જરૂર છે. આવો વિચાર કર્યા પછી તેમણે ઉત્તરોત્તર ધાર્મિક ગ્રંથોનાં ગુજરાતી ભાષાંતરો પણ બાહાર પાડવા માંડયાં હતાં અને તેનો ખર્ચ બાદ જતાં જે રકમ બાકી રહેતી તેમાંથી સંસ્કૃત પાઠશાળાનો તથા સભાનો ખર્ચ નિભાવવા લાગ્યા. વેદધર્મ સભાએ આજ દિવસ સૂધીમાં જે જે ધાર્મિક ગ્રંથો બાહાર પાડયા છે તે ગુર્જરસાહિત્યમંદિરમાં પહેલી પંક્તિએ બેસવાને યોગ્ય છે. તે ગ્રંથો આધ્યત્મિક વિષયો, ઐતિહાસિક વિષયો, કર્મકાંડના વિષયો, પાતિવ્રત્યના વિષયો એમ અનેક વિષયોના હોવાથી ભિન્ન ભિન્ન રૂચિના લોકોની ભિન્ન ભિન્ન જીજ્ઞાસાને તૃપ્ત કરે છે.

વેદધર્મસભાના ઉત્પાદક, પાલક અને સંવર્ધક હોવાથી વૈદ્યરાજનેજ તે સભાના સભાસદોએ છેવટ સૂધી પ્રમુખપદ ઉપર બીરાજવાનો આગ્રહ કર્યો હતો તેમજ વૈદ્યરાજ પણ જીવતાં સૂધી તે સભાના પિતા તરિકે તેની ઉન્નતિને માટે તન, મન ને ધનથી બનતું કર્યા કરતા હતા. આરંભમાં આ સભાના મંત્રી રા૦ રા૦ ભાઈશંકર નાનાભાઈ હતા. કાર્ય પ્રસંગે અનવકાશ હોવાથી તેમણે રાજીનામું આપ્યા પછી રા૦ રા૦ રાવબહાદુર વસનજી ખીમજીએ મંત્રીપદ સ્વીકાર્યું હતું. તેમના પછી રા૦ રા૦ દ્વારકાદાસ ધર્મસિંહે વેદધર્મસભાના મંત્રીની ધુરા ધારણ કરી હતી પરંતુ તેઓ મીલના બોહોળા કાર્યભારમાં રોકાયલા હોવાથી તેમણે રા. રા. વિશ્વનાથ પ્રભુરામ બી. એ.ને પોતાને સહાયતા કરવા માટે કહેવાથી હાલ રા. વિશ્વનાથ અને રા. દ્વારકાદાસ બન્ને વેદધર્મસભાના મંત્રીનું કાર્ય સંયુક્ત થઈને કરે છે.

આ રીતે વૈદ્યરાજ પ્રભુરામે વેદધર્મસભા સ્થાપન કરી તેને અંગે અનેક ધાર્મિક કાર્યો કરીને ધાર્મિકજીવન આરંભ્યું હતું અને તેનો લાભ ગુર્જર-પ્રજાને પણ સંપૂર્ણ રીતે આપ્યો હતો.

## પ્રકરણ ૭ મું.

### યજ્ઞમહોત્સવ.

વૈદ્યરાજનું ધાર્મિક જીવન પણ વ્યાવહારિક જીવનની પેઠે નાની વય-થીજ આરંભાયું હતું. અને તેમનામાં જે વૈદિકશ્રદ્ધા કુળ પરંપરાથી ઉતરી આવી હતી, તે પણ કાળે કરીને વૃદ્ધિંગત થઈ હતી.

તેમના વડા પુત્ર સાક્ષર શ્રી વિશ્વનાથે મુંબઈની યુનિવર્સીટી તરફથી ગ્રાજ્યુએટની પદવી મેળવીને જ્યારે પોતાના પિતાનો સઘળો વ્યાવહારિક વહીવટ ઉપાડી લીધો અને નાના પુત્ર વિદ્વાન ડાકટર પોપટે ઔષધાલયનો સર્વ કાર્યભાર કરવા માંડયો એટલે આપણા ધર્મનિષ્ઠ અને ઉદ્યોગી વૈદ્યરાજે વાનપ્રસ્થ સ્થિતિ અંગીકાર કરી. તેમણે વિદ્વાન, પરગજુ, ક્ષમાશીળ અને કાર્ય કુશળ પુત્રો ઉત્પન્ન કરીને પિતૃઋણ ફેડી નાખ્યું હતું, વેદાધ્યયનથી ઋષિઓના ઋણમાંથી પણ મુક્ત થયા હતા. પરંતુ હજી તે દેવઋણમાં બંધાયલા હતા. તેમણે તે ઋણમાંથી પણ મુક્ત થવાનો વિચાર કર્યો અને પોતાના વડીલ બંધુ જેમને વૈદ્યરાજ નાની વયથીજ પિતા તુલ્ય ગણતા હતા, તેમની સંમતિ મેળવીને તેમણે મહારૂદ્રયાગ, વિષ્ણુયાગ તથા શતચંડી યાગ એમ ત્રણ યજ્ઞો એક સાથે કરવાનો ઠરાવ કર્યો.

સંવત ૧૯૫૧ ના ફાલ્ગુન શુદ ૩ ને દાહાડે આ ત્રણે યજ્ઞોનો સમારંભ કરવામાં આવ્યો હતો. અને શુદી ૭ મે તેઓની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

આ યજ્ઞપ્રસંગ ઉપર દેશ દેશાંતરના વિદ્વાનોને, જ્ઞાતિ બંધુઓને તથા વિદ્વાન વૈદિક બ્રાહ્મણોને ખાસ આમંત્રણ કરવામાં આવ્યું હતું, તેઓના આગમનથી યજ્ઞની મહત્તા તથા શોભામાં ઘણોજ વધારો થયો હતો.

મુંબઇમાં માધવબાગ શુભકૃત્યોને માટે બહુજ સગવડવાળું અને પ્રશસ્ત સ્થળ ગણાય છે તેના વિશાળ ચોકમાં ત્રણે યજ્ઞોને માટે શાસ્ત્રાનુસાર હારબંધ ત્રણ મંડપો ગોઠવી દેવામાં આવ્યા હતા. અને તેનોજ પડોસમાં આસોપાલવના ઝાડની સમીપ વિદ્વાનો, પંડિતો અને દર્શનાર્થે આવેલા ભાવિક જનોને માટે એક વિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો.

ફાગણ સુદી ૩ ને દિવસે પ્રભાતમાંથીજ વિદ્વાન વૈદિક બ્રાહ્મણોના મંગળમય વેદધ્વનિથી તથા પંડિતોની શાસ્ત્રીચર્ચાથી માધવબાગનું રમણીય

આગણું અને યજ્ઞ મંડપો ગાજી ઉઠયા હતા. તથા દર્શનાર્થે આવેલા ભાવિકોના આનંદ ધ્વનિથી માધવબાગની આસપાસનો માર્ગ પણ હસી ઉઠયો હતો.

યાગોની યોગ્યતા ભરી વ્યવસ્થા આપણા વિદ્વાન્ વૈદ્યરાજ પ્રભુરામભાઈ અને વેદ શાસ્ત્ર સંપન્ન શુકલ નરોત્તમજીને આભારી હતી.

મહારૂદ્રના યાગમાં વેદશાસ્ત્રસંપન્ન શુકલ નરોત્તમ આચાર્ય, લક્ષ્મણ દીક્ષિત બ્રહ્મા, એલફીન્સ્ટન કાલેજના અધ્યાયપક મહા મહોપાધ્યાય રાજારામ શાસ્ત્રી તથા રામચંદ્ર શાસ્ત્રી સદસ્ય અને શુકલ દયાશંકર ગણપતિ થયા હતા. તથા વિષ્ણુયાગ અને શતચંડીના પ્રયોગમાં મહા મહોપાધ્યાય શાસ્ત્રી ભીમાચાર્ય, પાલીતાણાના ઠાકોર સાહેબના દાનાધ્યક્ષ શુકલ મહાશંકર, શેઠ ગોકુલદાસ તેજપાળ સંસ્કૃત શાળાના અધ્યાયક શાસ્ત્રી રણછોડજી, જુનાગઢવાસી પાઠક ગોરાભાઈ તથા પંડીત પીતાંબર શર્મા વગેરે વિદ્વાનોને બ્રહ્મા, સદસ્ય, ગણપતિ વગેરેના પદપર નિમ્યા હતા. ઋત્વિજોમાં પણ વિદ્વાન વૈદિકોનીજ યોજના કરવામાં આવી હતી, તેથી યજ્ઞમહોત્સવની મહત્તામાં ઘણોજ વધારો થયો હતો.

યજ્ઞોનું કાર્ય દર રોજ પ્રભાતમાં નવ કલાકે શરૂ થતું હતું અને સાંજના ચાર વાગે સમાપ્ત થતું હતું. જ્યારે મધ્યાન્હે વિશ્રાંતિ લેવામાં આવતી તે સમયે તેમજ સાંયકાલે આરતી થયા પછી વિદ્વાનો તરફથી શાસ્ત્રચર્ચા અને વિદ્યાવિનોદો પણ થતા હતા.

મહામહોપાધ્યાય રાજારામ શાસ્ત્રી, મહામહોપાધ્યાય ભીમાચાર્ય શાસ્ત્રી, શાસ્ત્રી રણછોડજી, શાસ્ત્રી જીવરામ, શાસ્ત્રીનાથજી, શીઘ્રકવિ શાસ્ત્રી શંકરલાલ, શાસ્ત્રી જીવનરામ, શાસ્ત્રી હરિદત્ત, શાસ્ત્રી છગનલાલ વગેરે શાસ્ત્રીઓ વ્યાકરણ, વેદાંત વગેરે વિષયોપર ચર્ચા ચલાવતા હતા, તથા આપણા શીઘ્રકવિ શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર કોઈ કોઇ પ્રસંગે પોતાની પ્રાસાદિક કવિતાનો રસાસ્વાદ કરાવીને વિદ્વાનોને રંજન કરતા હતા.

સંધ્યાકાલે આરતી થઈ રહ્યા પછી બ્રહ્મનિષ્ઠ પંડિત શ્રી જયકૃષ્ણજી પણ નિત્ય પંડિતો અને ગ્રહસ્થોનો સમક્ષમાં ભિન્ન ભિન્ન બાબતોપર વ્યાખ્યાનો આપીને લોકોનાં મનને રંજન કરતાં હતા, તેથી પુરાણમાં વર્ણવેલા અને જ્ઞાનયજ્ઞમાં એકઠા મળેલા ઋષિ મુનિઓથી ઉભરાઇ જતા કુરૂક્ષેત્રની છાયા માધવ બાગમાં નજરે પડતી હતી.

આ યજ્ઞમહોત્સવ પાંચ દિવસ સૂધી ધામધુમ સાથે ચાલુ રહ્યો હતો અને ફાગુણ સુદી ૭ને દાહાડે તેની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. પૂર્ણાહૂતિને દાહાડે વઢવાણના ઠાકોર સાહેબે જાતે તે યજ્ઞમહોત્સવમાં આવીને હાજરી આપી હતી. તે ઉપરાંત શ્રીમંત ગ્રહસ્થોએ અને રાજા રજવાડાઓના પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી.

બરાબર પાંચ વાગાને સમયે પૂર્ણાહૂતિ થઈ રહ્યા પછી બન્ને ભાઈઓ અવભૃથસ્નાન કરવા માટે મહાસાગર ઉપર ગયા હતા, તે સમયે પણ સભ્ય ગૃહસ્થો, વિદ્વાનો, અને રાજાઓના પ્રતિનિધિઓએ છેક મહાસાગર સૂધી પગે ચાલીને આપણા વૈદ્યરાજને તથા તેમના વડીલ બંધુને મોટું માન આપ્યું હતું. આ મહોત્સવ ઉજવવામાં લગભગ બેથી ત્રણ હજાર માણસોએ ભાગ લીધો હતો અને તેઓએ છેક મહાસાગર સૂધી આવીને અવભૃથસ્નાનમાં પણ ભાગ લીધો હતો. તે દિવસે દર્શનાર્થે આવેલાં લોકોની ભીડ છેક માધવબાગથી મહાસાંગર સૂધી જામી હતી.

બન્ને ભાઈઓ અવભૃથ સ્નાન કરીને વિદ્વાનોના આશીર્વાદો અને ગૃહસ્થોનાં અભિનંદન તથા વિજય સૂચક પ્રશંસા વાક્યોને ઝીલતા ઝીલતા માધવ બાગમાં આવી પહોચ્યા અને યજ્ઞશાળાના દક્ષિણ વિભાગ પર ઉભા કરેલા એક વિશાલ વિશ્રામમંડપમાં જઇને બેઠા, ત્યાં રાજા રજવાડાઓ તથા સદ્ગ્રહસ્થો તરફથી બન્ને ભાઈઓને તેમના શુભકૃત્યને માટે સારો સત્કાર કરવામાં આંવ્યો હતો. તેમજ તેમણે પણ આચાર્યો, વિદ્વાનો ઋત્વિજો તથા પોતાના આશ્રિતોનો સત્કાર કરીને તેમના તરફથી શુભાશીર્વાદ ગ્રહણ કર્યો હતો.

બીજે દહાડે પોતાના જ્ઞાતિ બંધુઓને એકઠા કરવામાં આવ્યા હતા અને તેમાં પોતાના ગુરૂના પૌત્ર શંકરપ્રસાદનું પ્રથમ પૂજન કરવામાં આવ્યું હતું અને તે પછી પોતાના પૂજ્યોનું તથા જ્ઞાતિ બંધુઓનું પૂજન કરીને તેઓનો ઘટતો સત્કાર કરવામાં આવ્યો હતો. સત્કાર વિધિ થઈ રહ્યા પછી પોતાના ગુરૂએ પોતાના ઉપર કરેલા ઉપકારનું ગુણગાન કરીને વૈદ્યરાજે પોતાની ગુરૂભક્તિ દર્શાવી હતી. તે પછી પોતાને યજ્ઞમાં પહેરામણી તરિકે મળેલા રૂ૦ ૨૧૦૦ આયુર્વેદ વિદ્યાંલયના ફંડમાં આપવાનું જાહેર કર્યું હતું તથા પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓને સહાયતા માટે રૂ૦

૫૦૦, અને વેદધર્મસભા તરફથી ચાલતી સંસ્કૃતપાઠશાળાના ફંડમાં રૂ. ૧૦૦ આપવાનું પણ જાહેર કર્યું હતું. વૈદ્યરાજની આવી ઉદારતાને માટે તેમના જ્ઞાતિબંધુઓએ એક અવાજે તેમનાં આવાં રૂડાં કૃત્યને માટે તેમને ધન્યવાદ આપ્યો હતો.

આ રીતે સમાર્ગે મેળવેલી સંપત્તિનો યજ્ઞ યાગમાં વ્યય કરીને દેવોના ઋણમાંથી પણ આપણા વૈદ્યરાજ છુટા થયા હતા. સારા માર્ગમાં વાપરવું એજ ખરી કમાઈ કરેલી ગણાય છે એને માટે આપણા વૈદ્યરાજ પોતાના જીવનનો એક ઉત્તમ દાખલો આ લોકમાં મૂકી ગયા છે, જે બીજાઓને અનુકરણ કરવા જેવો છે.

## પ્રકરણ ૮ મું.

## કુટુંબ વ્યવસ્થા.

કુટુંબવ્યવસ્થાને ગૃહરાજ્યનું નામ આપીએ તો ચાલી શકે, કારણ કે તે પણ મહારાજ્યનું એક પેટા રાજ્ય જેવું ગણાય છે. કુટુંબ રાજ્યની ઉન્નતિનો અથવા તો પડતીનો આધાર ગૃહના નાયક તથા મંત્રીના કાર્યભારને આધીન હોય છે. ઘરનો નાયક કાર્યકુશળ હોય તોપણ મંત્રીની જો દુર્વ્યવસ્થા હોય તો નાયકની આજ્ઞા અમલમાં આવતી નથી. તેમજ મંત્રી શાણો હોય પરંતુ નાયકમાં જો પાલનશક્તિ અથવા તો કાર્યાકાર્યનો વિવેક હોય નહી તો પણ ગૃહરાજ્ય ઉન્નત દશામાં આવતું નથી એટલા માટે ગૃહરાજ્યની ઉન્નતિ ગૃહનાયક અને મંત્રી તરીકે ગણાતાં પતિ પત્ની એમ બન્નેની કાર્યકુશળતાપર આધાર રાખે છે.

આપણા વૈદ્યરાજ ગૃહવ્યવસ્થા કરવામાં પ્રથમ પંક્તિના નાયક હતા. કુટુંબની બાહ્ય અને આંતર એમ બન્ને વ્યવસ્થાઓ કરવામાં અનેક વીટંબણાઓ વેઠવાથી તેઓ કુટુંબ વ્યવસ્થાના ખરા સ્વરૂપથી જાણીતા થયેલા હતા. લક્ષ્મી દેવીની જો કે તેમના ઉપર કરૂણાળ દૃષ્ટિ હતી તોપણ સાંસારિક બાબતોમાં તેમને દુર્દૈવની સાથે વારંવાર સંગ્રામ કરવાનો પ્રસંગ પડયો હતો, અને તેમાં તેમણે વારંવાર સતતોદ્યોગથી તે તે વિટંબણાઓ સામે ટક્કર ઝીલી હતી. તે એમના સાંસારિક જીવનના અનુભવીઓથી અજાણ્યું નથી.

વૈદ્યરાજ આધુનિક હિંદુ રીતિ અનુસાર પંદર વર્ષની નાની વયથીજ સંસારશાળામાં દાખલ થયા હતા. અને છત્રીસ વર્ષની તરૂણ વયે ગૃહભંગ થયા હતા. આટલા સમયમાં તેઓ બે પુત્રીઓના અને બે પુત્રોના પિતા થવાને ભાગ્યશાળી થયા હતા.

કુટુંબવ્યવસ્થાની ઉન્નતિનું પ્રથમ સોપાન એકાન્તતા અને સહવાસ ગણાય છે અને તેમાં અનેક લાભો સમાયલા છે. આ વાત આપણા વૈદ્યરાજ સંપૂર્ણ રીતે સમજતા હતા, તેથી તેઓ પોતાનાં સંતાનોને ત્યાં સંતાનો થતાં સુધી એટલે લગભગ ૫૮ વર્ષ સૂધી પોતાના વડીલ બંધુની સાથેજ રહ્યા હતા. તેઓ પૈસે ટકે સુખી હતા તો પણ છેવટની ઘડી સુધી વડીલ બંધુની સાથેજ રહીને ઘરની સર્વ વ્યવસ્થાઓ કરતા હતા. તેમના વડીલ બંધુ રાત દહાડો ઉપદેશકનુંજ કામ કર્યા કરતા હતા, તેથી તે વ્યવહારમાં બહુધા ધ્યાન આપ-તાજ નહિ, બીજી તરફ વૈદ્યરાજનો વૈદ્યક ધંધો પણ મોટા પાયા ઉપર ચાલતો હતો તેથી તેમને પણ અવકાશ મળવો દુર્લભ હતો તોપણ તેમાંથી સમય મેળવીને પોતાના તથા પોતાના વડીલ બંધુના આંતર અને બાહ્ય વ્યાવહારિક કાર્યોની જાતેજ વ્યવસ્થા કરતા હતા.

વૈદ્યરાજનાં ધર્મપત્ની પોતાની બન્ને પુત્રીઓને તથા મોટા પુત્ર ભાઈ વિશ્વનાથને પરણાવ્યા પછી થોડા વખતમાં પરલોકવાસી થયાં હતાં, તેથી દીકરીઓના સર અવસર સાચવવા, ઘરમાં પરણીને આવેલી નવી વહુવારૂઓને ગૃહાચાર-કામકાજનું શિક્ષણ આપવું, નાત જાતમાં તથા પરિચિત ગૃહસ્થોને ત્યાં શુભાશુભ પ્રસંગોપર જવું આવવું, ગયા આવ્યા મનુષ્યોની આગતાસ્વાગતા કરવી, આ સર્વ શિક્ષણ આપણા વૈદ્યરાજના શિર પર આવી પડયું હતું.

કન્યાઓને કેટલુંક વ્યાવહારિક જ્ઞાન જોકે પિએરમાંથી મળે છે તોપણ એક ઘરમાંથી બીજા નવાજ ઘરમાં ગયા પછી ત્યાંનો ગૃહાચાર અને ત્યાંની સ્થિતિને અનુસરતી મર્યાદા વિવેક, વિનય વગેરેનું શિક્ષણ વહુવારૂઓને સાસુદ્વારા શિખવાની જરૂર પડે છે. પરંતુ વૈદ્યરાજનાં ધર્મપત્ની વૈદ્યરાજનો સંસાર જેવો પગભર થયો અને જે વખતે પરણીને આવેલી વહુવારૂઓને તેમનો ખરો ખપ હતો તે સમયેજ.આ મિથ્યા સંસાર તજી દઇને પરલો-કવાસી થયાં હતાં, તેથી જેને આંતર ગૃહ શિક્ષણ કહેવામાં આવે છે, અને જે શિક્ષણ ખરેખર રીતે સાસુ તરફથીજ વહુવારૂઓને મળવું જોઇયે તે

શિક્ષણનું કાર્ય પણ આપણા વૈદ્યરાજના ઉપરજ આવી પડયું હતું. તેથી મંત્રીનું કાર્ય પણ વૈદ્યરાજનેજ બજાવવું પડયું હતું. વૈદ્યરાજે તે સમયમાં પણ બહુજ કુશળતાથી કુટુંબ વ્યવસ્થા કરી હતી અને વહુવારૂઓને સાસુ તરફની તેમજ પુત્રીઓને માતા તરફની કોઈ પણ જાતની ઓછપ જણાવા દીધી ન હતી.

મા મરી જવાથી નમાયા થઇ પડેલા પુત્રોને ખોટાં લાડ લડાવવાના તે હિમાયતી ન હતા પરંતુ પુત્રોનું ખરૂં હિત શામાં છે તે જાણનારા હતા, તેમણે તન, મન અને ધનથી પુત્રોને કેળવીને એવા તો કુશલ કર્યા છે કે તેને માટે લીધેલા પરિશ્રમમાં પોતે સફળ નિવડયા છે. તેમના વડીલ પુત્ર રા૦ વિશ્વનાથભાઈ મુંબઇની યુનિવર્સીટીના ગ્રાજયુએટ છે, ઉત્તમ પ્રતિના ધારાશાસ્ત્રી થવા માટે હાલ વિલાયતમાં અભ્યાસ કરે છે, વેદ ધર્મ સભાના આનરરી મંત્રી છે તથા ઉત્તમ લેખક છે, તેમણે પ્રસિદ્ધ નવલ કથા સરસ્વતી ચંદ્રનું અવલોકન લખીને પોતાનાં સાહિત્ય જ્ઞાનનો પરિચય લોકોને દેખાડી આપ્યો છે, તથા વેદાંત દર્શન, તત્વવિવેક, પ્રમાણ વિચાર, વિજયશંકર ગૌરીશંકરજીનું જીવન, વગેરે ગ્રંથો લખીને આધ્યાત્મિક તથા સંસ્કૃત ફીલસુફી સંબંધી જ્ઞાનનું દિગ્દર્શન પણ કરાવ્યું છે, એટલુંજ નહિ પણ સર્વ વ્યાવહારિક કામોમાં પોતાના પિતાને પાછલી વયમાં તે ઉપયોગી સલાહકાર સરખા થઈ પડયા હતા.

નાના પુત્ર ડાક્ટર પોપટભાઈએ પણ ગ્રાંટ મેડીકલ કાલેજમાંથી એલ. એમ. એન્ડ એસ.ની પદવી લીધા પછી પોતાના પિતાનો બોહોળો વૈદ્યક ધંધો પોતે ઉપાડી લીધો છે અને તેમાં તેઓ પિતાના જેવાજ વિજયી નિવડયા છે. તેઓ પણ એક કુશળ લેખક છે અને તેમણે જયાકુવર નામનું એક સામાજીક પુસ્તક લખીને પોતાનો સાંસારીક ઉંડો અનુભવ દેખાડી આપ્યો છે. તેમાં તેમણે સાંસારિક સુખદુખોની વાત અસરકારક ભાષામાં વર્ણવી છે. તેમણે પોતાના ધંધાને અંગે સરકારને મરકીના સમયમાં વારંવાર સહાય આપવાથી સરકારે તેમને સુલેહના અમલદાર બનાવ્યા છે અને ધર્મસભામાં નિઃસ્વાર્થ શ્રમ લેવાથી શ્રીમદ્દ્વારકા મઠાધીશ જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યે તેમને સ્વધર્મ ધુરંધરની માનભરી પદવી પણ થોડાક મહિના પેહેલાં ભેટ કરી છે. તે ઉપરાંત તેઓ તેમના પિતાએ સ્થાપન કરેલાં આયુર્વેદ વિદ્યાલયમાં નિદાન, ચિકિત્સા તથા ઔષધિક્રિયા અને ગુણદોષના અધ્યાપક તથા એજ સંસ્થાના વ્યવસ્થાપક તરિકે પણ કામ કરે છે.

કુટુંબ વ્યવસ્થામાં પોતાના પુત્રોને ઉત્તમ પ્રતિની કેળવણી આપીને આજ્ઞાકારી, લોકોપયોગી તથા કાર્ય કુશળ બનાવ્યા છે. વૈદ્યરાજને પુત્રો સંબંધી જેવો સંતોષ હતો, તેવો સંતોષ પુત્રની વહુઓના સંબંધમાં થયો નહતો. પુત્રોને કુલીન ઘેર પરણાવ્યા પછી તેઓની વહુઓ જેવી પરણીને ઘરમાં આવતી અને વૈદ્યરાજ તરફથી મળતા ગૃહશિક્ષણના ઉપદેશો ગ્રહણ કરી પ્રૌઢ થઈને જેવી વ્યવહાર ભાર ઉપાડી લેવાની યોગ્ય સ્થિતિમાં આવતી કે તુરત કરાળ કાલનો ભોગ થઇ પડતી હતી અને મોટા પરિશ્રમથી બાંધેલી ગૃહસ્થા પડી ભાગતી હતી. તેથી ભાંગી પડેલી કુટુંબ વ્યવસ્થાને પાછી મૂળથીજ ઉભી કરવાના પ્રયત્નો વૈદ્યરાજને કરવા પડતા હતા. વૈદ્યરાજને સંસારમાં આવી વિટંબણાઓ સામે ઘણીવાર ટક્કર ઝીલવાનો પ્રસંગ પડયો હતો. અને તે તે પ્રસંગે તેમણે પોતાનું લોકોત્તર ધૈર્ય દેખાડી આપ્યું હતું.

પુત્રોની વહુઓનાં ઉત્તરોત્તર મરણથી વૈદ્યરાજને જેમ વ્યવહારિક દુઃખો ભોગવવાં પડયાં હતાં, તેમજ પુત્રીઓની બાબતમાં પણ વૈદ્યરાજ સંપૂર્ણ સુખી થયા ન હતા. નાની પુત્રી બેન અવલનાં અને તેના વડા પુત્રના મરણથી તેમના મનમાં ખેદ રહ્યા કરતો હતો. જીવનના શેષ ભાગમાં તેના કરતાં પણ વધારે દુઃખ વૈદ્યરાજને અનુભવવું પડયું હતું, મોટાં પુત્રી બેન કુંકાં અને તેના એકના એક તરૂણ પુત્ર કાળીદાસ, તથા તેમનાં પત્ની એક પછી એક થોડા થોડા કાળને અંતરે પરલોકવાસી થયાં હતાં. આ વૈદ્યરાજના હૃદયને ભેદી નાંખીને તેને શોકમાં ડુબાડી દે તેવા દુઃખદ પ્રસંગો હતા.

છેવટમાં જેમણે નાની વયથીજ પોતાની સાથે રાખીને ઉછેર્યા હતા, જેઓ સુખ દુઃખના સાથી હતા, જેમના આશ્રય નીચે પોતે ધર્મ જીવન આરંભીને તેમાં વિજય કર્યો હતો, અને જેઓ પોતાના એક પિતા સમાન હતા, અને જેમના નિર્વાણથી વૈદ્યરાજને બહુજ ખેદ થયો હતો. તે વૈદ્યરાજના સહોદર સદ્બોધપ્રવર્તક મહાત્મા જયકૃષ્ણજી હતા. વડીલ બંધુના પરલોક ગમનથી પોતાની જોડી તુટી ગઈ ધારી છેવટે પણ પોતે ધૈર્ય રાખી, દુઃખના ઉભરાઓને અંતરમાંજ સમાવીને હિમતથી સંસારયાત્રામાં પ્રવાસ કરતાં માત્ર પંદર માસના ટુંક સમયમાં વડિલ બંધુ પાછળ પ્રયાણ કર્યું હતું.

વડીલ બંધુની ઉત્તર ક્રિયા કરી તેમનાં ધર્મસ્થાનપર તેમના વિદ્વાન પુત્ર જટાશંકરનો અભિષેક કરીને છેવટનું બંધુકૃત્ય તથા ભ્રાતૃભક્તિ દર્શાવી

આપી હતી. આ બંધુ પુત્રને પણ તેમનાં માતુ શ્રી નાની વયના મુકીને પરલોકવાસી થવાથી વૈદ્યરાજેજ ઉછેરીને મોટા કર્યા હતા અને તેમને પણ તેમના પિતાની પાછળ તેમની ઉપદેશક ધુરા વહન કરે તેવા બનાવવાને સંપૂર્ણ પ્રયત્નો કર્યા હતા.

તેમણે બંધુપુત્રને ધર્માસન ઉપર અભિષેક કરતાં વિદ્વાનોના સમક્ષ પોતાના વડીલ બંધુના ગુણોનું જે વર્ણન કર્યું હતું અને બંધુપુત્રને જે ઉપદેશ કર્યો હતો, તે ખરેખર ભાતૃભક્તિથીજ નહીં પરંતુ ગુરૂભાવથી ભરપૂર અને હૃદય ભેદક હતો. ભાઈઓ હોજો તો ખરેખર તેવાજ હોજો!

કુટુંબવ્યવસ્થાની સાથે તેમણે જ્ઞાતિની ઉન્નતિને માટે પણ વારંવાર ઉદ્ગારો કાઢીને તથા પોતાથી બનતી સહાયતા આપીને જ્ઞાતિ પ્રેમ પણ દર્શાવી આપ્યો હતો. કોઈ પણ જાતની જુદાઈ રાખ્યાવિના જ્ઞાતિનાં સુખ દુઃખમાં પણ પોતે જાતે ભાગ લેતા હતા અને કેટલાએક નિરાધાર જ્ઞાતિ બંધુઓને છપ્પનના દુષ્કાળ વખતે આશ્રય સુદ્ધાંત આપીને બંધુકૃત્ય કરી બતાવ્યું હતું.

વૈદ્યરાજની આ કુટુંબવ્યવસ્થા ખરેખર ગૃહસ્થોએ, માતાઓએ, બેહેનોએ તથા કુલીન વહુવારૂઓએ અનુકરણ કરવા જેવી છે, કારણ કે તે વિપત્તિમાં ધીરજ રાખવાનો, સંપત્તિમાં સરલ રહેવાનો, જગત સાથે બંધુત્વભાવ રાખવાનો, અને જાત મહેનતથી મેળવેલાં ધનનો સદુપયોગ કરવાનો ઉપદેશ આપે છે.

## પ્રકરણ ૯ મું.

## વૈદ્યરાજ અને ધર્મસભાઓ.

સનાતન વેદધર્મનો ઉદ્ધાર કરવો આ વૈદ્યરાજના જીવનનો મુખ્ય મંત્ર હતો. તેઓ વેદધર્મસભા, શ્રવણશાળા, આર્યધર્મપ્રકાશ, સંસ્કૃત પાઠશાળા વગેરે સંસ્થાઓ સ્થાપન કરીને તરૂણ વયમાંથીજ ધર્મોદ્ધારક તરિકે બાહાર પડયા હતા અને દયાનંદના ધર્મવિવાદ વેળાએ તટસ્થ તરિકે ધર્મના નિર્ણયો આપીને વેદધર્મ સભાની વ્યવસ્થાને સંપૂર્ણ રીતે પ્રતિષ્ઠા અપાવી હતી.

તેઓ ધાર્મિકસભામાં ભાગ લેવાને બહુજ ઉત્કંઠા ધરાવનારા હતા. અને ઘણી સભાઓમાં ભાગ લઈને પોતાના તરફથી સત્ય વિચારો બાહાર પણ પાડતા હતા.

સરકારે સંમતિ વયનો કાયદો પસાર કર્યો તે સમયે મુંબઇમાં વિદ્વાન ગૃહસ્થોની વચ્ચે બે વિભાગ પડી ગયા હતા. એક વર્ગ, ખરડા વિરૂદ્ધમાં હતો ત્યારે બીજો વર્ગ, તેના પક્ષમાં હતો. આપણા વૈદ્યરાજના વડીલ બંધુ પંડિતશ્રી જયકૃષ્ણ તે વખતે ખરડાની વિરૂદ્ધ પક્ષમાં હતા અને તેમના પ્રમુખપણાનીચે માધવબાગમાં હિંદુઓની મહાસભા મળી હતી, ત્યારે તેજ દાહાડે ખરડાના હિમાયતીઓની બીજી સભા તેલવાડીમાં રા. ઝવેરીલાલ ઉમીયાશંકરના પ્રમુખપણા નિચે મલી હતી. વૈદ્યરાજ, જોકે ભાતૃભક્ત હતા એમ આપણે તેમના જીવનમાં જોઈ ગયા છીએ તોપણ તેઓ પોતાને જે વિચારો સત્ય લાગતા તે ફેરવતા ન હતા. તેઓએ તેલવાડીની સભામાં હાજર થઈ જાહેર રીતે ખરડાની તરફેણમાં ભાષણ કરીને આત્મબળ દેખાડી આપ્યું હતું.

તે પછી ૧૯૫૬ ની સાલમાં દીલ્લીમાં ભરાયલી ભારતધર્મમહામંડલ નામની સભામાં વૈદ્યરાજે ભાગ લીધો હતો. આ પ્રવાસ સમયે વેદશાસ્ત્ર સં. શાસ્ત્રી જીવરામ લલુરામ અને વેદમૂર્તિ શુકલ નરોત્તમજી વૈદ્યરાજની સાથે હતા. દીલ્લીના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તથા શેઠ હજારીમલ વૈદ્યરાજને સ્ટેશનપર ઘોડા ગાડી લઇને તેડવા આવ્યા હતા અને મોટા માન પૂર્વક એક ભવ્ય બંગલામાં તેમને ઉતારો આપ્યો હતો. પ્રાતઃકાલમાં સભાના મંત્રી વૈદ્યરાજને મળવા આવ્યા હતા અને આગમનનો ધન્યવાદ આપીને વૈદ્યરાજને પોતાની અંતરંગ સભામાં નિમંત્રણ કર્યું હતું. વૈદ્યરાજે અંતરંગ સભામાં જઈને પોતાના વિચારો સ્પષ્ટપણે જણાવ્યા તા અને મધ્યાહ્ને વૈદ્યરાજે મહાસભામાં હાજર થઇને પોતાના આયુર્વેદ સંબંધી કેટલાએક વિચારો જણાવતાં મુંબઈમાં પોતે સ્થાપેલાં આયુર્વેદ વિદ્યાલયની હકીકત કહી સંભળાવી હતી, જે સાંભળીને સભાસદો બહુજ પ્રસન્ન થયા હતા. સભાનો સમય થયો કે સૌ મહાસભાના મંડપમાં ગયા હતા. ત્યાં આગળ મહામંત્રી પંડીત દીનદયાલજીએ ઉભા થઇને વૈદ્યરાજને માન આપ્યું હતું અને દરભંગાના મહારાજાની સાથે ઓલખાણ કરાવ્યા પછી સભાનું કાર્ય આરંભ્યું હતું. રાત્રિના નવ વાગે વૈદ્યરાજ તથા શાસ્ત્રી જીવરામ મહાસભાની અંતરંગ સભામાં ગયા હતા ત્યાં આગળ ભાષણ કર્ત્તાઓના વિષયોની ગોઠવણ થતી હતી. તે સમયે વૈદ્યરાજે કહ્યું કે, આયુર્વેદના સંબંધમાં આવતી કાલે હું

બોલીશ અને શ્રાદ્ધના સંબંધમાં મારી સાથે આવેલા શાસ્ત્રી જીવરામ લલ્લુરામ બોલશે. આ સૂચનાને બીજા સભ્યોએ અનુમોદન આપ્યું હતું. બીજે દિવસે પંજાબ નિવાસી વૈદ્યરાજ જનાર્દન પંડિતે આયુર્વેદના સંબંધમાં ઘણુંજ સારૂં ભાષણ આપ્યું હતું. તે પછી વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામ ભાષણ કરવાને ઉભા થયા હતા. તે વખતે મહામંત્રીજી ઉભા થઇને વૈદ્યરાજ પ્રભુરામની ઓળખાણ કરાવતા બોલ્યા હતા કે; આ વૈદ્યરાજ ગુજરાત દેશના એક આભૂષણ છે, વૈદ્ય-વિદ્યામાં ઉંચું જ્ઞાન ધરાવે છે અને તેમણે મોટા પાયા પર આયુર્વેદ વિદ્યાલય સ્થાપન કર્યું છે; જેમાં સારા ડાક્તરો અને વૈદ્યો શિક્ષણ આપે છે. તેમણે આયુર્વેદના ઉદ્ધારનો ઉત્તમ પ્રયત્ન આરંભ્યો છે જે ખરેખર સ્તુત્ય છે, વગેરે કહીને વૈદ્યરાજની સ્તુતિ કરી હતી.

તે પછી વૈદ્યરાજે આયુર્વેદના સંબંધમાં ઘણાજ વિદ્વત્તા ભરેલા વિચારો જણાવ્યા હતા. વૈદ્યરાજના ઉતારા ઉપર દરરોજ પ્રાતઃકાલમાં દીલ્લી નિવાસી શેઠ શાહુકારોની મોટી ભીડ થતી હતી તે સમયે શાસ્ત્રી જીવરામ લલ્લુરામ શંકરાનંદી ગીતાનું વાચન કરતા હતા. ત્રીજે દિવસે વૈદ્યરાજે દરભંગાના મહા-રાજની તેમના સ્થાન ઉપર જઇને મુલાકાત લીધી હતી. ચોથે દિવસે સભામાં પરદેશગમન અને દુષ્કાલથી પીડિત વટલી ગયેલા હીંદુ બાલકોના સંબંધમાં ચર્ચા કરવાની વૈદ્યરાજે દરખાસ્ત મુકી હતી. પરંતુ સભામાં કેટલાએક જુના વિચારના શાસ્ત્રીઓ હતા, તેઓના તરફથી એ બંને પ્રશ્નોના વિરૂદ્ધ બોલવામાં આવ્યું હતું અને એ બન્ને દરખાસ્તો પસાર ન થતાં ઉડી ગઈ હતી. તેના ઉપર વિચાર આપતાં શાસ્ત્રી જીવરામ લલ્લુરામ બોલ્યા હતા કે, અમારો દેશ આજ કાલ ત્રણ ત્રણ વરસ થયાં અનાવૃષ્ટિથી પીડાય છે, માબાપો ભુખમરાથી પોતાના પ્યારાં બાલકોને અન્નને માટે વેંહેંચી દે છે અને મીશનરી લોકો તેને લઇ જઈને ખ્રીસ્તી બનાવે છે. જ્યારે તે બાલકો સમજણાં થશે અને પોતાના મનમાં વિચાર કરશે કે આપણે તો વેદધર્મી હતા પરંતુ દૈવયોગથી આપણી આ દશા થઈ છે ત્યારે તેઓ કેટલો બધો ખેદ કરશે, તેઓ પાછા કોઈપણ રીતે હીંદુ બની શકે કે નહી તેનો રસ્તો આપણે કાઢવો જોઈએ. શાસ્ત્રીજીના આ સવાલ ઉપર કોઇએ પણ ધ્યાન આપ્યું ન હતું તેથી વૈદ્યરાજે ખિન્ન થઇને કહ્યું હતું કે; હું ઘણોજ દીલગીર છું કે, આવા મહત્વના વિષય ઉપર તમે

કોઈ પણ ધ્યાન આપતા નથી. આપણા હીંદુસ્થાનમાં એવું એક પણ અનાથાલય નથી કે જેમાં બચપણથી ગરીબનાં છોકરાં રહે અને ત્યાં આગળ રહીને કેલવણી લેય. તેવી સંસ્થાની આપણા દેશમાં ઘણીજ જરૂર છે એવા ઘણા ઉચ્ચા વિચારો દર્શાવ્યા હતા. આ પછી બીજા પણ વિષયો ચર્ચાયા કે મહાસભા વિસર્જન થઈ હતી.

વૈદ્યરાજે મહાસભાનું કામ પૂર્ણ થયા પછી હરિદ્વાર નામના પવિત્ર તીર્થની ભેટ લીધી હતી અને ત્યાં વસતા વિદેહી મહાત્માઓનો સત્કાર કર્યો હતો. તેમાં જે કેટલાએક વૃદ્ધ સંન્યાસીઓએ કુંભના મેળામાં આપણા સદ્બોધ પ્રવર્તક પંડિત શ્રી જયકૃષ્ણના મુખની પવિત્ર વાણી સાંભળી હતી તેઓએ વૈદ્યરાજની પાસે તેમના વડીલ બંધુનાં બહુજ વખાણ કર્યાં હતાં અને પતિતપાવની ગંગાના જે હરિયાળાતટ ઉપર પંડિત જયકૃષ્ણજી બેસીને કથા કરતા હતા તે સ્થળ પણ દેખાડયું હતું. તે સ્થળ અવલોકન કર્યા પછી શ્રીકૃષ્ણનાં વિહાર સ્થાન જોઇને જે ભાવો અર્જુને અનુભવ્યા હતા તેજ ભાવો વૈદ્યરાજે પણ અનુભવ્યા હતા.

બીજી સનાતન ભારત ધર્મમહાપરિષદ નામની સભા સં૦ ૧૯૫૭ ના વર્ષમાં અમદાવાદ ખાતે શ્રીમચ્છારદામઠાધીશ શ્રી શંકરાચાર્યના પ્રમુખપણા નિચે મળી હતી. તેમાં પણ વૈદ્યરાજે પોતાના પુત્ર રા૦ વિશ્વનાથની સાથે ભાગ લીધો હતો.

આ સભામાં પ્રથમ વૈદ્યરાજને જવાનો વિચાર ન હતો પરંતુ તેમના જાણવામાં આવ્યું કે આ સભાના કામકાજ તરફ સરકારી માણસો ધ્યાન પૂર્વક તપાસ રાખે છે. તે ઉપરથી વૈદ્યરાજે પોતાનું સઘળું કામકાજ છોડી દઈને અમદાવાદની સભામાં ખાસ હાજરી આપી હતી.

ઈ૦ ૧૯૦૧ ના ચૈત્ર સુદી ૧ ને સુકવારે આ સભાનો આરંભ થયો હતો અને રવિવારે તેની સમાપ્તિ થઇ હતી.

આ સભાનું મુખ્ય મંત્રી તરિકે કાર્ય રા૦ વિશ્વનાથ પ્રભુરામે કર્યું હતું. તેમણે સુકવારને દહાડે આરંભમાંજ બહુ છટાદાર ભાષામાં મહાપરિષદનો ઉદ્દેશ તથા તેને લગતી બીજી બાબતો કહી સંભળાવીને સભાના કાર્યનો આરંભ કર્યો હતો. તે પછી આપણા વૈદ્યરાજે પ્રાચીન આર્ય વિદ્યાના ઉદ્ધાર સંબંધી મહત્વના વિષય ઉપર ભાષણ કરતાં જણાવ્યું હતું કે; આપણી ચતુર્દશ વિદ્યા

પડતી સ્થિતિમાં આવતી જાય છે, તેના ઉદ્ધારાર્થે **ભારતીય વિદ્યા પીઠ** સ્થાપવાની ઘણીજ જરૂર છે. તેમના વિચારને બીજા વિદ્વાનોએ અભિનંદન આપતાં વૈદ્યરાજની ઘણીજ પ્રસંસા કરી હતી.

બીજો એક અગત્યનો વિષય જેને સાતમો વિષય રાખવામાં આવ્યો હતો અને જે વિષય આપણા વૈદ્યરાજને બહુજ પ્રિય અને જે હિંદના હિતનો હતો, તે વૈદ્યરાજના વિદ્વાન્ પુત્ર રા. વિશ્વનાથે ઉચકી લીધો હતો. તેમણે પોતાનો વિષય રજુ કરતાં જણાવ્યું હતું કે, "જો કોઈ પણ માણસ કોઇપણ બાળકને એક ધર્મમાંથી બીજા ધર્મમાં લઈ જવાનો પ્રયત્ન કરે અથવા તો કરાવે અથવા તો બાળકને લાલચ આપીને ધર્માંતર કરવાને ઉશ્કેરવાને ઉધુકત કરે અથવા કરાવે તો તે કામ ફોજદારી કાયદા પ્રમાણે ગુન્હો ગણાય" એવી એક કલમ કાયદામાં દાખલ કરવા માટે સરકારને વિનતિ કરવી. આ વિચાર પણ સભાસદો તરફથી માન્ય કરવામાં આવ્યો હતો.

મહા પરિષદ્‌ની સમાપ્તિ થયા પછી સોમવારે તેજ સભાસ્થાનમાં વૈદ્યરાજ પ્રભુરામના પ્રમુખપણા નિચે વૈદ્યમહાસભા મળી હતી અને તેમાં આયુર્વેદના ઉદ્ધાર સંબંધી વિચાર ચાલ્યો હતો. તેમાં બીજા વૈદ્યોએ વૈદ્યરાજે આરંભેલા આર્યવૈદ્યકના ઉદ્ધાર સંબંધી પોતાના વિચારો જણાવતાં વૈદ્યરાજને અભિનંદ આપ્યું હતું.

ત્રીજી ધર્મમહાસભા સં. ૧૮૫૮ ના માર્ગશીર્ષ માસમાં મુંબઈમાં મળી હતી. તે સભામાં મહાત્મા બ્રહ્મચારી રામેશ્વરાનંદ તરફથી ભારતીય વિદ્વાનોને નિમંત્રણ પત્રિકાઓ મોકલીને બોલાવવામાં આવ્યા હતા. તેમાં પણ આપણા વૈદ્યરાજને મહાસભાના પ્રમુખનું માનવંતુ પદ આપવામાં આવ્યું હતું અને વૈદ્યરાજના વિદ્વાન્ પુત્ર ડાકટર પોપટભાઇ તથા રાવબાહાદૂર નારાયણ ત્ર્યંબક વૈદ્યે સભાના મંત્રી તરિકે કાર્ય કરીને આર્યધર્મની સેવા બજાવી હતી.

ધર્મસભાનાં વ્યવસ્થાપક શાસ્ત્રીજી રણછોડજી, શાસ્ત્રીજી જીવરામ, શાસ્ત્રીજી નાથજી તથા શાસ્ત્રી પ્રાણજીવને અગાઉથીજ પંડિત નાનુરામજીની સાથે મળીને હિંદુધર્મ સંબંધી છવ્વિસ પ્રશ્નો સંસ્કૃત ભાષામાં બાહાર પાડીને દેશાવરના પંડિતો ઉપર એક મહિના અગાઉથી મોકલી આપ્યા હતા, અને તેનો નિર્ણય સભામાં આવીને આપવામાટે પધારવાના નિમંત્રણ પત્રો પણ મોકલાવ્યાં હતાં. તેમાં ઉત્તર હિંદુસ્તાનમાંથી પંડિત શ્રી શિવકુમાર, પંડિત શ્રી ભીમસેન

શર્મા, પંડિત શ્રી ગરૂડધ્વજ વગેરેએ હાજરી આપી હતી. અને ગુજરાત કાઠિયાવાડમાંથી શીઘ્ર કવિ શાસ્ત્રીજી શંકરલાલ, શાસ્ત્રીજી હાથીભાઈ, શાસ્ત્રીજી રામકૃષ્ણ તથા દક્ષિણ દેશમાંથી શાસ્ત્રી હરિ દીક્ષિત કૃષ્ણશાસ્ત્રી વગેરેએ હાજરી આપી હતી. ઈ૦ ૧૯૦૧ના ડીસેમ્બરની તારીખ ૨૫મી ને બુધવારે ધર્મસભાનો સમારંભ થયો હતો અને તારીખ ૨૯ મી રવિવારે ધર્મસભાની પૂર્ણાહુતિ થઈ હતી.

આ સભા મળવાની અગાઉજ ચાર દિવસ પહેલા બ્રહ્મચારી રામેશ્વરાનંદજી જે આ ધર્મસભાના એક પિતા સમાન હતા, તેમને મરકી લાગુ પડી હતી. તે સમયે આપણા વૈદ્યરાજે તથા વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રી રણછોડજી વગેરેએ બહુજ ધૈર્યથી કામ લીધું હતું. ભારતીય ધર્મસભાને સુભાગ્યે બ્રહ્મચારી મહારાજ સારા થઈ ગયા, એટલે તા૦ ૨૫ મીએ પ્રથમાધિવેશન થયું હતું. તે સમયે સભાના મંત્રી ડા. પોપટરામે આરંભમાં ધર્મસભાનો ઉદ્દેશ તથા તેમાં ભાગ લેવા માટે આવેલા પરદેશના પંડિતોની ઓળખાણ વગેરે કહી સંભળાવીને વિદ્વાનોની આગતા સ્વાગતા કરી હતી.

મંત્રીનું ભાષણ થઇ રહ્યા પછી રા. વૈદ્યરાજ પ્રભુરામ ભાષણ કરવા ઉઠયા હતા અને તેમણે છવીસે પ્રશ્નો ઉપર સંક્ષેપમાં વિવેચન કર્યું હતું, જે વિવેચન ઘણુંજ વિદ્વત્તાભરેલું હતું અને તે લગભગ એક કલાક સૂધી ચાલ્યું હતું. ભાષણ કરતી વેળાએ વૈદ્યરાજને બેસીને ભાષણ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો પરંતુ તેમણે તેમ નહી કરતાં પ્લાટફોર્મ પર ઉભા રહીને તરૂણની પેઠે ગંભીર અવાજથી ભાષણ કર્યું હતું. ભાષણ કરતી વખતે વૈદ્યરાજના ગંભીર અવાજમાં તેમનો ધર્મોત્સાહ તરી નિકળ્યો હતો. તે દિવસનો તેમનો ધર્મોત્સાહ તેમના ધાર્મિકજીવનની સંપૂર્ણ સાક્ષી આપતો હતો.

આ ધર્મસભામાં પ્રમુખસ્થાનપર કાશીવાસી પંડીત શીવકુમારને નિમવામાં આવ્યા હતા પરંતુ તેમની ગેરહાજરીમાં પંડિત શ્રી નાનુરામજીએ પ્રમુખપદનું કાર્ય કર્યું હતું. પંડિત શ્રી શિવકુમારનું છેલ્લા દિવસનું ભાષણ થઈ રહ્યા પછી પણ વૈદ્યરાજે ધર્મસભામાં પધારેલા મુંબઈના પંડિતોનો તથા અન્ય સ્થળથી પધારેલા પંડિતોનો બ્રહ્મચારી મહારાજ તરફથી બહુજ છટાદાર ભાષામાં ઉપકાર માન્યો હતો.

વૈદ્યરાજને જેવી ધર્મપર શ્રદ્ધા હતી તેવાજ તે વિદ્યારસિક પણ હતા. તેઓ વિદ્વાનોની સભામાં પણ ભાગ લઈને આનંદ મેળવતા હતા. આજથી

વીસ વર્ષપર પંડિત વ્યંકટાચળે વિદ્યાવિવાદથી મુંબઈના પંડિતોનું ધ્યાન ખેંચ્યું હતું અને દ્વૈતાદ્વૈતાના વિવાદોથી માધવ બાગ ગાજી ઉઠયો હતો. તે સમયે વૈદ્યરાજે વેદશાસ્ત્ર સંપન્ન શાસ્ત્રી રણછોડજી ઉદ્ધવજીને તથા વેદશાસ્ત્ર સંપન્ન બેહેચર શાસ્ત્રીને સાથે લઈને પંડિત વેંકટાચળની મુલાકાત લીધી હતી. અને તે સમયે શાસ્ત્રી રણછોડજીને તથ શાસ્ત્રીબેહેચરને અદ્વૈતમતનો પૂર્વપક્ષ લઈને વેંકટાચળ સાથે વિવાદ કરવાનું કહ્યું હતું. શાસ્ત્રી વેંકટાચળે વિશિષ્ટાદ્વૈતનો પક્ષ લીધો હતો. બન્ને શાસ્ત્રીઓનો ભેસભર શાસ્ત્રાર્થ સાંભળીને વૈદ્યરાજ બહુજ પ્રસન્ન થયા હતા.

ધાર્મિક તેમજ શાસ્ત્રીય મહાસભાઓ ઉપરાંત બીજી પણ લોકોપયોગી ઘણી સભામાં વૈદ્યરાજ હાજરી આપતા હતા અને તે તે સભાઓમાં દેશ હિતકારક ઉદ્ગારો બાહાર પાડીને પોતાનું કર્તવ્ય કરતા હતા. ઈશ્વર! આવા ધાર્મિક મહાત્માઓને અમારા ભારત વર્ષમાં સદાય ઉત્પન્ન કરે એવી અમારી પ્રાર્થના છે.

## પ્રકરણ ૧૦ મું.

## **આયુર્વેદ વિદ્યાલયની સ્થાપના.**

આર્ય લોકો ચાર પુરૂષાર્થો માને છે તેમાં ધર્મને મુખ્ય પુરૂષાર્થ ગણવામાં આવ્યો છે અને તેના સાધન તરિકે શરીરનો પ્રથમ ઉપયોગ કરવો પડે છે, શરીર જો આરોગ્ય હોય તોજ ધર્મ સાધી શકાય છે નહીંતર ધર્મની સાધના થઈ શકતી નથી. આપણા શાસ્ત્રમાં વારંવાર કહેવામાં આવે છે કે, " **नृदेहमाद्यं खलु धर्मसाधनम्** માનવ શરીર ખરેખર ધર્મનું મુખ્ય સાધન છે."

શરીર જો આરોગ્ય હોય તોજ ધર્મ સાધી શકાય છે અને ધર્મ સાધનાથી અર્થોન્નતિ તથા વૈભવોન્નતિનો લાભ લઈ શકાય છે. તથા છેવટે મુક્તિ પણ મળે છે. આપણા વૈદ્યરાજના જીવનનો મુખ્યમંત્ર પણ ધર્મોન્નતિ કરવી એજ હતો, અને ધર્મોન્નતિના સાધન તરિકે ગણાતા માનવ શરીરના રક્ષણમાં ઉપયોગી એવી આર્ય વૈદ્યવિદ્યા કે જેને તેમણે ધંધાતરિકે સ્વીકારી હતી, તેનાથીજ આત્મોન્નતિ સાથે દેશોન્નતિ કરવામાં તેમણે પોતાનું આયુષ્ય ગાળ્યું હતું.

વૈદ્યરાજે આરંભેલી ચિકિત્સાના આરંભ કાળમાં આર્યવૈદ્યકવિદ્યા છેક પડતી દશામાં હતી, અને ડાકટરો આયુર્વેદના ગ્રંથો તથા તેની મહત્તાવિશે અજાણ હોવાથી આર્યવૈદ્યવિદ્યા તરફ બહુજ ધિક્કારની નજરથી જોતા હતા. તેવા સમયમાં આપણા વૈદ્યરાજને એક બે ડાકટરોની સામે પ્રાચીન વૈદ્યવિદ્યાના પક્ષકાર તરિકે કટિબદ્ધ થઇને કામ કરવાનો પ્રસંગ પણ પડયો હતો. તેમાં તેમણે મૃત દશામાં આવી પડેલી વૈદ્યવિદ્યાની ઝાંખી થઇ પડેલી કીર્તિને પણ ઉજ્વળ કરી બતાવી હતી.

અધોગતિએ આવી પડેલી આર્યવૈદ્યવિદ્યાને ઉર્જીત દશામાં આણવા માટે આપણા વૈદ્યરાજના મનમાં ઘણા દાહાડા થયા ઈચ્છા હતી પરંતુ તે ઈચ્છાને મુંબઈના કેટલાએક ડાકટરોએ વધારે ઉત્તેજીત કરી હતી. કોઇપણ વસ્તુની ઉન્નતિને માટે ઉત્સાહની જરૂર છે અને તેનું દષ્ટાંત વૈદ્યરાજના જીવનમાંથી આપણને મળી શકે છે. આર્યવૈદ્યવિદ્યા તરફ ડાકટરો જે તિરસ્કાર ધરાવતા હતા, તેમાં મુખ્ય કારણ આપણા દેશી વૈદ્યો પણ હતા, કારણ કે કેટલેક ઠેકાણે દેશી વૈદું રાજ્યાસનના જેવું થઈ પડયું હતું. કેટલાક વૈદ્યોના પુત્રો પણ વૈદ્યમાંજ ખપતા હતા. પછી તેઓ વૈદ્યવિદ્યા ભણ્યા હોય કે ન ભણ્યા હોય ! આ દોષ દેશી વૈદ્યોમાં ઉતર્યો હતો, અને તેઓ પોતાના નિર્વાહ માટે એકાદું ભાષા પુસ્તક વાંચીને વૈદું કરવા મંડી પડતા હતા. આવાં અણઘટતાં વર્તનથી લોકમાં "નઆવડે ભીખ તો વૈદું શીખ" આવી આર્યવૈદ્યવિદ્યાને કલંકદાયિની કહેવતો પણ ઉભી થઈ હતી.

વૈદ્યરાજ જ્યારે જ્યારે આયુર્વેદની આવી પડતી દશા જોતા ત્યારે તેના મનમાં અત્યંત ખેદ ઉપજતો હતો અને તેના ઉદ્ધાર માટે કોઈ કોઈ વાર વિચારો પણ કરતા; પરંતુ તેને માટે જોઇતાં સાધનોનો વિચાર કરતાં કેટલીએક મુશ્કેલીઓ ઉભી થવાથી પાછા તે વિચારો અંતરમાંજ શમી જતા હતા. તેવાં મહત્વ ભરેલાં કાર્યને માટે 'પુષ્કળ ધન, અવકાશ, અને વિદ્વાન ડાકટરો તથા વિદ્વાન દેશી વૈદ્યોની સહાયતા' આટલી વસ્તુની પ્રથમ જરૂર હતી અને તે બધાને પહોંચી વળવાને આપણા એકલા વૈદ્યરાજ સશક્ત ન હતા એમ સૌ કોઈ માન્ય કરશે.

ઈ૦ ૧૮૭૩ ની સાલમાં વૈદ્યરાજના નાના પુત્ર ડાકટર પોપટે મુંબઇની ગ્રાંટ મેડીકલ કાલેજમાં પાસ થઇને પોતાના પિતાનો

ચિકિત્સા સંબંધી સર્વ કાર્યભાર ઉપાડી લઇ, પિતાશ્રીને મુક્ત કર્યા. અને બીજી તરફથી બી. એ. ની પરીક્ષામાં પાસ થયેલા રા૦ વિશ્વનાથે બીજા વ્યાવહારિક કાર્યભારમાંથી પણ પિતાશ્રીને મુક્ત કર્યા. આમ ઉભય રીતે સ્વતંત્ર સ્થિતિમાં આવ્યા પછી વૈદ્યરાજનું જીવન લોકોપયોગી આર્ય વૈદ્ય વિદ્યાના ઉદ્ધાર તરફ વળેલું આપણી નજરે પડે છે.

વૈદ્યરાજે આયુર્વેદ વિદ્યાલય સ્થાપવા અગાઉ બરાબર ત્રણવર્ષ સુધી નાની નાની વૈદ્યોની અને ડાક્તરોની મિશ્ર સભાઓ ભરીને તેઓની આગલ પ્રાચીન વૈદ્ય વિદ્યાની પડતીના અને તેના ઉદ્ધારના વિચારો જાહેર કર્યા હતા. તે પ્રસંગે તેઓએ દર્શાવેલા વિચારો પર પોતે સંપૂર્ણ વિચાર કર્યા પછી ઈ૦ ૧૮૯૬ ના સાલની મે માસની ૧લી તારીખે પોતાની ઔષધશાળામાં જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેના પ્રમુખપણા નીચે એક મહાસભા મેળવી હતી. સભામાં વિદ્વાન ડાક્તરોની, વૈદ્યોની અને શ્રીમંત સંભાવિત ગૃહસ્થોની હાજરી, આરંભવા ધારેલાં કાર્યના વિજયની સૂચના કરતી હતી.

બીજી સભા સં ૧૮૯૬ ના જુનની ૧૧ મી તારીખે વૈદ્યરાજે મેળવી હતી તેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કોશાધ્યક્ષ, ટ્રષ્ટીઓ, સભાસદો વગેરેની નેમણુક કરવામાં આવી હતી અને જુનની ૧૫ મી તારીખથી વૈદ્યરાજના પોતાના ઔષધાલયમાંજ આયુર્વેદ વિદ્યાલયનો આરંભ કરવામાં આવ્યો હતો. તે સમયે ૨૭ વિદ્યાર્થીઓએ અભ્યાસ ચાલુ કર્યો હતો.

તે સમયમાં પ્રાચીન વૈદ્યવિદ્યાના હિમાયતી ધર્મનિષ્ઠ શેઠ દેવકરણ નાનજી તરફથી પ્રાચીન વૈદ્યવિદ્યાના શિક્ષણની એક શાળા ચાલતી હતી. વૈદ્યરાજની શાળામાં જ્યારે પૂર્વ અને પશ્ચિમ એમ ઉભય વૈદ્યવિદ્યાની કેળવણી આપવાની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારે શેઠજી દેવકરણની શાળામાં માત્ર આર્ય વૈદ્યક ગ્રંથોનુંજ અધ્યયન કરાવવામાં આવતું હતું.

વિદ્યાશાળાનું કામ આરંભાયા પછી તુરતજ મુંબઈમાં મરકીનો રોગ ફાટી નિકળ્યો હતો, તેથી બીજાં ખાતાઓની જોડે આયુર્વેદ વિદ્યાલયને પણ કેટલુંક ખમવું પડયું હતું, પરંતુ તે વખતે વૈદ્યરાજે તન, મનથીજ નહી પરંતુ ધનથી પણ વિદ્યાલયને સારી સહાયતા આપીને તેની વ્યવસ્થાને ટકાવી રાખી હતી. બીજી તરફ શાળાના અધ્યાપકોએ પણ સાંભળ્યા પ્રમાણે વગર પગારે અધ્યાપન કરાવીને પોતાનું કર્તવ્ય કરી બતાવ્યું હતું.

થોડા વખતમાં વિદ્યાર્થીઓની વૃદ્ધિ સાથે તેઓને ભણવાનાં જુદાં જુદાં સાહિત્યોનો પણ વધારો થવા લાગ્યો, તેથી વિદ્યાલયને ગીરગામ ખાતે એક સ્વતંત્ર મકાનમાં લઈ જવામાં આવ્યું. આ સમયમાં શેઠ દેવકરણ નાનજીએ પોતાની શાળા વૈદ્યરાજની શાળા સાથે જોડી દઈને પોતાની શિષ્યવૃત્તિથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓને આયુર્વેદ વિદ્યાલયમાં દાખલ કર્યા અને પોતાના તરફથી એક વેતનધારી શાસ્ત્રીને પણ તેમના વિદ્યાલયમાં અધ્યાપન માટે રોકયો. આ સંયુક્ત કાર્યથી આયુર્વેદ વિદ્યાના સંબંધમાં એક શુભ પગલું આરંભાયું હતું અને તેને માટે આપણા વૈદ્યરાજ પ્રભુરામજી ઘણાજ પ્રસન્ન થયા હતા.

ગીરગામમાં આવેલું વિદ્યાલયનું મકાન પણ એક બે વર્ષ પછી જોઈએ તેવી સગવડોને અભાવે વિદ્યાલયને કાળકાદેવીના રસ્તા ઉપર એક મોટા હવાવાળા બંગલામાં લઈ જવામાં આવ્યું હતું જ્યાં હાલ પણ તે ચાલે છે.

વિદ્યાલયનો ખાસ હેતુ અને કામ કરવાની રીતિથી હજી ઘણા જણ અજાણ્યા છે, તેથી તે વિષેની ટુંક માહિતી આપવાની જરૂર છે.

૧ આ વિદ્યાલય વૈદ્યકશાસ્ત્રનું દેશીભાષાદ્વારા શિક્ષણ આપવાના, વૈદ્યક વિદ્યાના જ્ઞાનનો દેશી પ્રજામાં સારો પ્રચાર કરવાના, તથા અંગ્રેજી અને દેશી વૈદ્યક શાસ્ત્ર જાણનારા વિદ્વાન્ વૈદ્ય અને ડાકટરોના એકત્ર શ્રમથી, તેમના ખાસ દેખરેખ નીચે બને વૈદ્યકશાસ્ત્રનું સંમીલન કરી ઉપયોગી ભાગ તારણ કરવાના હેતુથી; તથા

૨ વૈદ્યકશાસ્ત્રનું પદ્ધતિપૂર્વક જ્ઞાન આપી એ પ્રમાણે શિક્ષણ લીધેલી વિદ્યાર્થિઓને વૈદ્યક સંબંધી જુદી જુદી બાબતોમાં તપાસી, યોગ્ય જણાયેલાઓને પદવી પત્ર તથા માનચિન્હ આપવાના હેતુથી સ્થાપવામાં આવેલું છે.

આ વિદ્યાલયમાં આર્ય વૈદ્યકસંબંધી દરેક બાબતોનું તથા યૂરોપ અને અમેરીકાનાં વૈદ્યકશાસ્ત્રોસંબંધી જરૂર જોગું શિક્ષણ વિદ્વાન્ વૈદ્યો તથા ગ્રેજ્યુએટ થએલા ડાકટરો દેશી ભાષામાં આપે છે.

આ વિદ્યાલય અને તેને લગતી વિદ્યાર્થિઓને અનુભવ આપવા માટેની જરૂરની હૉસ્પિટલ, લેબોરેટરી, ધર્માદા દવાખાનું વિગેરે માટે યોગ્ય મકાન બંધાવવા, આ બન્ને ખાતાં માટે સારા પગારના અધિકારીઓ મેળવવા, એ ખાતાને જાથુકને માટે કાયમ કરવા અને તે સાથે સંબંધ રાખતી દરેક બાબતો પાર પાડવા માટે આ ઈલાકાના તથા બહારના ગૃહસ્થો તરફથી એક સારૂં

ફંડ ઉભું કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે અને તેમાં નાણાં ભરનાર દરેક ગૃહસ્થ, તેમણે ભરેલાં નાણાંના પ્રમાણમાં વિદ્યાલય તથા હૉસ્પિટલના વહિવટમાં ભાગ લઈ શકશે.

જે ગૃહસ્થો એકદમ.

રૂ. ૫૦૦૦ અથવા તેથી વધારે રકમ આપશે તેઓ વિદ્યાલયના સંવર્ધક ( પેટ્રન ) ગણાશે.

રૂ. ૫૦૦૦ ની મદદ આપશે તેઓ વિદ્યાલયના સદસ્ય ( ફેલોઝ ગણાશે. )

રૂ. ૧૦૦૦ ની મદદ આપશે તેઓ જીંદગી પર્યંતના " સભાસદ 'લાઈફ મેમ્બર્સ' ગણાશે.

રૂ. ૫૦ અથવા તેથી વધારેની વાર્ષિક રકમ આપશે તેઓ પેહેલા વર્ગના સભાસદ ગણાશે.

રૂ. ૨૫ " " " " બીજા " " "

રૂ. ૧૦ " " " " ત્રીજા " " "

આ ગ્રહસ્થોનું અને બીજા સંભાવિત ગૃહસ્થોનું બનેલું આયુર્વેદ વિદ્યાલય મંડળ બે વિભાગથી કામ કરશે.

૧ આ આખું મંડળ એક સામાન્ય કાર્યભાર કરનાર મંડળ ગણાશે ( જનરલ કમિટિ ) જેમાં એક પ્રમુખ, એક અથવા એકથી વધારે ઉપપ્રમુખ, મંડળના સભાસદો, બે મંત્રીઓ અને બે ટ્રસ્ટીઓ નીમવામાં આવશે. આ મંડળ વિદ્યાલય સંબંધી સામાન્ય વ્યવસ્થા કરશે, વિદ્યાલયને માટે યોગ્ય ફંડો ઉભાં કરવામાં તથા જરૂર પડતાં પોતાની મીટિંગો બોલાવી વહિવટ કરવામાં યોગ્ય સૂચના કરશે. પરીક્ષકો નેમી પરીક્ષાઓ લેવરાવશે, તથા યોગ્ય જણાયેલા વિદ્યાર્થિઓને મંડળ તરફથી પદવી અપાવવાની ગોઠવણ કરશે. આ મંડળ ઓછામાં ઓછા ૬ માસે એક વખત અથવા જરૂર પડતાં વિશેષ વખત મળશે. સામાન્ય પ્રકારનાં કામ મંત્રીઓ સરકયુલર કહાડીને પણ કરી શકશે તથા વિદ્યાલય સંબંધી વાર્ષિક રિપોર્ટો બહાર પાડશે.

૨ વિદ્યાલયનું એક વ્યવસ્થાપક મંડળ વિદ્યાલયની તથા તેને લગતાં બીજા ખાતાંઓની વ્યવસ્થા કરશે. આ મંડળમાં એક વિદ્વાન ડાકટર અથવા વૈદ્ય પ્રમુખ, તેજ યોગ્યતાવાળા એક અથવા બે ઉપપ્રમુખ તથા ચાર ગૃહસ્થો

(ડાક્ટર અથવા વૈદ્ય) સભાસદ રહેશે. વિદ્યાલયના વ્યવસ્થાપક આ મંડળના એક સભાસદ ગણાશે. આ મંડળ વિદ્યાલયમાં ચાલતા અભ્યાસ ઉપર દેખરેખ રાખશે, જરૂર પડતાં તેમાં ફેરફાર સૂચવશે, અને વિદ્યાલયને લગતાં ખાતાંઓ ઉપર વ્યવસ્થાપક મારફત નજર રાખશે.

## વિદ્યાલયમાં દાખલથવાના નિયમો.

વિદ્યાર્થિઓને દાખલ થવા માટે પ્રવેશક પરીક્ષા નકી કરવામાં આવી છે, જેનું ધોરણ ગુજરાતી અથવા મરાઠી પાંચમાં ધોરણ સુધી રાખવામાં આવ્યું છે, અને તે સાથે સંસ્કૃતનું જ્ઞાન બીજી ભાષા તરિકે અગત્યનું ગણવામાં આવ્યું છે. પ્રવેશક પરીક્ષા વખતે સંસ્કૃત તથા બીજા વિષયોમાં વિદ્યાર્થિઓને તપાસવામાં આવે છે અને તેની અંદર પસાર થયેલા વિદ્યાર્થિઓને વિદ્યાલયમાં દાખલ કરવામાં આવે છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનની જરૂરિયાત વિષે પારસી ગૃહસ્થો તરફથી શક ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ દેશી વૈદ્યકના મોટા ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખાયલા હોવાથી એ ભાષાનું જ્ઞાન જરૂરનું છે એમ નક્કી કરવામાં આવ્યું હતું. આમ છતાં પારસી, મુસલમાન અને બીજી જાતોને માટે આ વિદ્યાલય નકામું થઇ ન પડે તેટલા માટે પ્રવેશક પરીક્ષામાં જે વિદ્યાર્થિઓ સંસ્કૃતજ્ઞાન વગર દાખલ થવા માગે તેમને દાખલ કરી વિદ્યાલયમાં તેમને સંસ્કૃત શીખવવા માટે એક ખાસ વર્ગ ઉઘાડવામાં આવ્યો છે. આવી રીતે બે પારસી અને એક મુસલમાન વિદ્યાર્થિએ થોડો વખત સુધી અને એક ખોજા વિદ્યાર્થિ તથા એક પારસી વિદ્યાર્થિ આજ સુધી આ વિદ્યાલયનો લાભ લેય છે. પારસી, મુસલ્લમાન તથા દરેક જાતિને માટે આ વિદ્યાલય એક ઉપયોગી ખાતુ નીવડે તેટલા માટે તેમાં થતાં વ્યાખ્યાનો ગુજરાતી અને મરાઠી ભાષામાં ઘણીજ સહેલી પદ્ધતિમાં આપવામાં આવે છે અને તે દરેક વિદ્યાર્થિઓ સારી રીતે સમજી શકે તેવાં સરલ હોય છે.

## સ્ત્રી વિદ્યાર્થી.

ઉપર જણાવેલ જ્ઞાન ધરાવનાર કોઇપણ આબરૂદાર સ્ત્રીને અભ્યાસ માટે દાખલ કરવામાં આવે છે. સ્ત્રીવિદ્યાર્થિની અનુકૂલતા માટે યોગ્ય ગોઠવણો કરવામાં આવી છે.

## સ્થાયી વિદ્યાર્થિઓ.

બહાર ગામથી આવનાર વિદ્યાર્થિઓને રૂ. ૧ ના વધુ લવાજમે વિદ્યાલયના મકાનમાં રેહેવાની સગવડ કરી આપવામાં આવે છે. તથા એવા દશ અથવા તેથી વધારે વિદ્યાર્થિઓ એકઠા થવાથી તેમને માટે યોગ્ય ખરચે ખાવા પીવાનો બંદોબસ્ત પણ ત્યાંજ કરવામાં આવે છે.

### લવાજમ.

માસિક લવાજમ પેહેલાં બે વર્ષને માટે રૂ. ૧ બીજાં બે વર્ષને માટે રૂ. ૨ તથા પ્રવેશક લવાજમના રૂ. ૨ વધુ લેવામાં આવે છે.

### વખત.

દરેક વર્ષને બે વિભાગમાં વેહેંચી નાખવામાં આવેલ છે, પેહેલો વિભાગ તા. ૧ લી જાન્યુઆરીથી તા. ૩૦ મી એપ્રીલ સુધી ચાલુ રહે છે, બીજો વિભાગ તા. ૧૫ મી જુનથી તા. ૧૫ મી અકટોબર સુધી ચાલુ રહે છે. મરકી સંબંધી અડચણને લીધે આ ક્રમમાં ફેરફાર કરવાની જરૂર પડતાં વર્ષના આઠ મહિના અભ્યાસ માટે કોઈ પણ રીતે ભરી લેવામાં આવે છે.

વિદ્યાલયનો શિક્ષણ વખત ૧૧ થી ૫ સુધીનો છે, અનુભવ માટે ૭ થી ૮॥ સુધી પ્રત્યક્ષ ઔષધિક્રિયાના વર્ગોમાં, તથા ૮॥ થી ૧૦ સુધી ધર્માદા ઔષધાલયમાં ધારા પ્રમાણે વિદ્યાર્થિઓને હાજર રહેવાની જરૂર પડે છે.

### અભ્યાસ.

ચાર વર્ષનો ઠરાવવામાં આવેલો છે. પેહેલાં બે વર્ષને અંતે શીખવેલા વિષયોમાં પરીક્ષા લઈ બીજાં બે વર્ષ માટેનો અભ્યાસ શરૂ કરાવવામાં આવેછે. જેને અંતે ફરી પરીક્ષા લઇ યોગ્ય પદવી પત્ર તથા માનચિન્હ આપવામાં આવે છે.

## શિખવાતા વિષયો.

### વર્ષ ૧લું.

**૧ વનસ્પતિશાસ્ત્ર,** વનસ્પતિઓની રચના, તેના વર્ગો, ઉત્પત્તિના નિયમો, ઔષધોમાં વપરાતી વનસ્પતિઓની ખાસ ઓળખ, સૂક્ષ્મરચના, ધર્મ-ગુણદોષ-વિગેરે.

૨ **શારીર તથા ઇંદ્રિય વિજ્ઞાનશાસ્ત્ર,** અસ્થિ, સંધિ, રક્તવાહિનીઓ, રસવાહિનીઓ, અવયવો, જ્ઞાનતંતુ, અને શરીરની બીજી રચનાઓ તથા તેમનાં કર્તવ્યો.

૩ **ઔષધિક્રિયા, ઔષધિ ગુણદોષ.** આર્ય તથા ઇંગ્લિશ ઔષધોની ક્રિયા તથા તેમના ગુણદોષો, તથા આર્ય ઔષધોની પ્રત્યક્ષ ઔષધિક્રિયા.

૪ **રસાયનશાસ્ત્ર,** મૂળતત્વોના રસાયનિક ગુણદોષો.

૫ **વાગ્ભટ અષ્ટાંગહૃદય**

આ શિવાય ધર્માદા, ઔષધાલયમાં ઔષધોનું મિશ્રણ કરવાનો અનુભવ.

### વર્ષ ૨ જું.

ઉપરના સર્વ વિષયોના અધુરા રહેલા અભ્યાસનું પૂર્ણ શિક્ષણ.

## વૈદ્યક સંબંધી પેહેલી પરીક્ષા આપ્યા પછી.

### વર્ષ ૩ જું.

૧ **નિદાનસહ ચિકિત્સા.** શરીરના જુદા જુદા રોગોનો વ્યાખ્યાનદ્વારા અને પ્રત્યક્ષ અભ્યાસ.

૨ **શસ્ત્રવિદ્યા અને નેત્રરોગ.** શસ્ત્રવિદ્યાને લગતા રોગો વિષેનો તથા નેત્રરોગોનો વ્યાખ્યાનદ્વારા તથા પ્રત્યક્ષ અભ્યાસ.

૩ **સૂતિકા, સ્ત્રીરોગ, બાલરોગ.** સુવાવડને લગતા નિયમો તથા રોગો; ગર્ભાશય સંબંધી રોગો અને બાળકોના ખાસ રોગોનો અભ્યાસ.

૪ **ન્યાયવૈદ્યક, વિષવિષય.** વૈદ્યક સંબંધમાં ન્યાયખાતાને લગતા વિષયોનો અભ્યાસ. જુદા જુદા વિષોનો વ્યાખ્યાનદ્વારા તથા પૃથક્કરણસંબંધી અભ્યાસ.

૫ **આરોગ્યશાસ્ત્ર.** આરોગ્યતાના નિયમો—હવા, કસરત, ખોરાક, પાણી, ચેપી રોગો અટકાવવાના નિયમો વિગેરેનો અભ્યાસ.

૬ **વાગભટ્ટ** સંપૂર્ણ.

ધર્માદા ઔષધાલયમાં તથા હોસ્પિટલમાં રોગીઓનાં નિદાનનું શિક્ષણ.

### વર્ષ ૪ થું.

ઉપરના સર્વ વિષયોના અધુરા રહેલા અભ્યાસના પૂર્ણ શિક્ષણસાથે રોગીઓનું સ્વતંત્ર નિદાન તથા તેઓની ચિકિત્સાનો અભ્યાસ.

## ધર્માદા ઔષધાલય તથા રૂગ્ણાલય.

વિદ્યાર્થિઓને પ્રત્યક્ષ શિક્ષણમાટે આ ઔધલય વિદ્યાલયને સંબંધે સ્થાપવામાં આવેલું છે, જેની અંદર ધર્માદા દવા આપવામાં આવેછે, તથા યોગ્ય જણાયેલા રોગીઓને ત્યાં રાખી તેમની સારવાર વિદ્યાર્થિઓની નજર તળે કરવામાં આવે છે.

## પુસ્તકાલય તથા સંગ્રહસ્થાન.

અભ્યાસની સવળતા માટે વિદ્યાલયની સાથે એક પુસ્તકાલય તથા વનસ્પતિ, શારીર વિગેરેના નમુનાઓનું એક સંગ્રહસ્થાન જોડવામાં આવેલું છે, જેનો ઉપયોગ જુજ લવાજમે દરેક વિદ્યાર્થીને કરવા દેવામાં આવે છે.

આવા મહાન કાર્યક્ષેત્રનો વિસ્તાર કરીને તેમાં લોકહિતનાં બીજ વાવનારા વૈદ્યરાજ તેનાં ફલ ફુલ જોવાને પણ ભાગ્યશાળી નિવડયા હતા. કાર્યક્ષેત્રનો વિસ્તાર કરતાં કરતાં ચાર વર્ષો વીતિ ગયાં અને આખા જીવનની મહાભારત મેહેનતનું ફળ જોવાનો પણ સમય પાસે આવી લાગ્યો. સ. ૧૯૫૮ ના શ્રાવણ વદી ૯ ને સોમવારનો દિવસ વૈદ્યરાજના સમસ્ત જીવનના ઉપાસ્ય મંત્રની ફળ સિદ્ધિનો શુભ દિવસ હતો. તે આનંદદાયક દિવસે સાંજના ફ્રામજી કાવસજી ઈન્સ્ટીટયુટમાં આયુર્વેદ વિદ્યાલયના ફત્તેહમંદ વિદ્યાર્થીઓને પદવી દેવામાટે એક મોટો મેલાવડો કરવામાં હતો. સભામાં ગ્રાંટ મેડીકલ કાલેજના અધ્યાયક ઇંગ્રેજો તથા દેશી ડાકટરો ઉપરાંત નાગરિકજનોની પણ મોટી સંખ્યાએ હાજરી આપી હતી. અને સભાપતિનું સ્થાન મુંબઈની હાઈ કોર્ટના વડા જડજ સર જેનકિનસને પ્રેમપૂર્વક સ્વીકાર્યું હતું.

આરંભમાં ડા. પોપટે આયુર્વેદ વિદ્યાલયની વ્યવસ્થાનના સંબંધમાં ભાષણ કર્યાં પછી આયુર્વેદ વિદ્યાલયનાં ઉત્પાદક વૈદ્યરાજ પ્રભુરામની અનુમતિથી વિદ્યાલયના વિદ્યાર્થિઓને 'ભિષકૂવર' તથા એ. એ. એમ. એસ. ની પદવી આપતાં વડા જડજ સર જેનકિન્સને વૈદ્યવિદ્યા ઉપર એક મનનીય ભાષણ આપ્યું હતું. આ વિદ્વત્તા ભરેલા ભાષણમાં આર્ય વૈદ્યવિદ્યાની, આયુર્વેદની તથા તેના સંસ્થાપકની પ્રસંસા કરવામાં આવી હતી. આટલે લાંબે કાળે પણ એક યોગ્ય મહાત્મા પુરૂષના મુખમાંથી નિકળેલાં પ્રશંસાનાં વચનો વૈદ્યરાજનું યશઃશરીર હતું અથવાતો સુવાર્ણાક્ષરથી લખાયલો વૈદ્યરાજના જીવનનો પવિત્ર ઇતિહાસ હતો એમ કહીએ તો પણ ચાલે. આજે વૈદ્યરાજના આખા જીવનનો મંત્ર સિદ્ધ થયો હતો.

## પ્રકરણ ૧૧ મું.

### મંદવાડ.

મહાત્મા પુરૂષોનો મંદવાડ પણ દીવ્ય પ્રભાવોથી ભરપૂર હોય છે, અને તેમાં ઘણીએક બાબતે સબ્દોધદાયક હોય છે. વૈદ્યરાજના રોગગ્રસ્ત જીવનમાંથી પણ આપણને કેટલીએક સુબોધક બાબતોમળી શકે છે.

સં૦ ૧૯૫૮ ના માર્ગશીર્ષ મહિનાની મહાધર્મસભાના મહોત્સવમાં આગેવાની ભર્યો ભાગ લીધા પછી બરાબર એક મહીને વૈદ્યરાજ મંદવાડનું બીછાનું સેવવા લાગ્યા હતા. વૈદ્યરાજ શરીરે બાંધી ઘડીના, વર્ણે ગૌર, દેખાવે સુંદર, કદે ઠીંગણા, અને લાંબો વખત સૂધી બ્રહ્મચર્ય પાળવાથી મેધાવી હતા. પરંતુ ઉત્તર વયમાં કુટુંબની અંદર ઉત્તરોત્તર થયેલાં તરૂણ મનુષ્યોનાં મરણોએ વૈદ્યરાજના મન અને શરીર ઉપર અત્યંત માઠી અસર કરી હતી, તેથી વૈદ્યરાજનું શરીર ને મન ઉત્તર વયમાં શિથિલ પડી ગયાં હતાં. તોપણ તેઓ ઉદ્યોગી અને નિયમિત હોવાથી બનતાં સુધી કેટલાંએક કાર્યો જાતેજ કરતા હતા. પોતાની વૃદ્ધ ઉમ્મર થયા છતાં પણ તેઓ કોઈ પણ દિવસ બીજાની પાસે હાથ પગ ચંપાવતા નહીં, પરંતુ ભોજનોત્તર વયને અનુસરતી મધુર કસરત કરતા, તથા આહાર વિહાર અને ચેષ્ટામાં બહુજ નિયમિત રહેતા હતા.

વૈદ્યરાજના ઉપર તેમની જીંદગીમાં મંદવાડે બે ત્રણવાર હુમલા કર્યા હતા તો પણ તેમને હાથે કેટલાંએક સુકૃત્યો થવાનું સરજેલું હોવાથી તેઓ દરેક મંદવાડનો પરાજય કરીને પાછા કાર્યક્ષેત્રમાં પૂર્વની પેઠે ઘૂમ્યા હતા, પરંતુ આ સમયના મંદવાડે વૈદ્યરાજ ઉપર બહુજ ભયંકર રીતે ચઢાઈ કરી હતી. મંદવાડમાં નબળાઈ શિવાય બીજું કઇજ માલમ પડતું ન હતું. સંબધીઓ અને મિત્રો ધારતા હતા કે પરિશ્રમને લીધે થયેલી નબળાઈ થોડા વખતમાં વિશ્રાન્તિ લેવાથી દૂર થશે, પરંતુ આ ધારણા આખરે મિથ્યા ઠરી. તેમની નબળાઇમાં ધીરે ધીરે વધારો થવા લાગ્યો, અને ખોરાકમાં માત્ર દૂધજ લેવાતું હતું, તે પણ ન લઈ શકવાંથી નબળાઇને ઉત્તેજન મળવા લાગ્યું, રાત્રિ દિવસ ઔષધોપચાર ચાલુજ હતો પરંતુ તેથી કોઈ પણ જાતનો ફાયદો જણાતો નહોતો.

વૈદ્યરાજ જ્યારે મંદવાડનું બીછાનું સેવતા હતા, તે વખતે તેમના જ્યેષ્ઠ પુત્ર રા. વિશ્વનાથ વિલાયત હોવાથી તેમના નાના પુત્ર ડા૦ પોપટને તેમની પરિચર્યામાં રહેવું પડતું હતું. આ વખતે એક તરફ મુંબઇમાં ભયંકર મરકી ચાલતી હતી તેથી ડા૦ પોપટને ચિકિત્સા માટે ઉપરા ઉપર નિમંત્રણો આવતાં હતાં, ત્યારે બીજી તરફથી પિતૃસેવા તેમને પોતાની ફરજ બજાવવા માટે આકર્ષતી હતી. આ વખતે ડા૦ પોપટ પોતાના પિતાની નબળી પ્રકૃતિ અને તેને અંગે મુરબ્બીને આવતી મૂર્છાઓ તરફ નિહાળતાં સજળ નયને પિતાના બીછાના પાસે બેસીને વારંવાર પિતાને આશ્વાસના આપ્યા કરતા હતા. આવા મંદવાડને વખતે લોકવત્સલ વૈદ્યરાજના હૃદયમાં ભૂતદયા ઉભરાતી હતી અને તેઓ મંદવાડના બિછાનામાં પડયાં પડયાં પણઆતુર લોકોની પીડા તરફ અત્યંત લાગણીથી જોતા હતા.

ઉપચારો ચાલુજ હતા, તોપણ વૈદ્યરાજની તબિયતમાં કોઈ પણ જાતનો સુધારો જોવામાં આવ્યો નહીં, તે ઉપરથી વૈદ્યરાજના ભાણેજ રા૦ જટાશંકર કેવળરામને તાર કરીને બોલાવવામાં આવ્યા હતા, રા૦ જટાશંકર વૈદ્યરાજ તરફ બેવડી ભક્તિ ધરાવતા હતા. વૈદ્યરાજ એક તરફથી તેમના મામા થતા હતા અને નાની વયમાં તેમને વૈદ્ય વિદ્યાનું અધ્યયન કરાવેલું હોવાથી ગુરૂ પણ થતા હતા. પોતાના મુરબ્બી વર્ય વૈદ્યરાજના મંદવાડના સમાચાર સાંભળીને તે તુરત મુંબઈ આવીને વૈદ્યરાજની સેવામાં હાજર થયા હતા. ધર્મનિષ્ઠ, પ્રૌઢ, મિતભાષી, અને શુશીલ એવા રા. જટાશંકર ભાઈની પરિચર્યાએ વૈદ્યરાજને શેષ જીવનમાં પણ સંપૂર્ણ સંતોષ આપ્યો છે. આ વખતે વૈદ્યરાજના મામાના પુત્ર વાસુદેવ તથા તેમના દોહિત્ર ભાઈશંકરે પણ મુરબ્બીની સેવા ઘણીજ ભક્તિભાવથી બજાવી હતી.

માર્ચ મહીનાની ચોથી અને પાંચમી તારીખ વૈદ્યરાજના સંબંધમાં ઘણીજ ચિંતાજનક વીતિ હતી. આ બંન્ને દિવસે વૈદ્યરાજને ઉપરા ઉપર મૂર્છાઓ આવવાથી વૈદ્યરાજનાં જીવનને માટે હવે સ્નેહીઓ અને સંબંધીઓ નિરાશ થઇ ગયા હતા. તેઓએ વૈદ્યરાજની ચિંતાજનક સ્થિતિ જોઈને રા. વિશ્વનાથ ઉપર બંન્ને તારીખે મુરબ્બીની તબીયતના સમાચાર તાર મારફતે જાહેર કર્યા હતા. પિતાનો મંદવાડ સાંભળીને પિતૃભક્ત રા. વિશ્વનાથ તુરત હિંદુસ્તાન આવવાને માટે વિલાયતથી નીકળીને માર્ચની ચોવીસમી તારીખે મુંબઈ આવી

પહોચ્યા હતા. પિતૃભક્ત પુત્ર આરંભેલું અધ્યયન છોડી દઈ લાખો ગાઉથી પિતાની હજુરમાં આવ્યો અને તેણે પિતા પ્રત્યે જે પુત્રધર્મ દર્શાવી આપ્યો, એ જોઇને પુત્રવત્સલ વૃદ્ધ પિતાના હૃદયમાં પુત્રસ્નેહે ઉભરાવા માંડયું, નબળાઈથી શાંત પડેલા લોહીને પાછું ઉત્તેજન મળ્યું અને અગીયાર અગીયાર માસના વિયોગો પછી પણ પુત્ર મુખ નીહાળીને નિર્વાણોન્મુખ દીપકની પેઠે વૈદ્યરાજનો નિર્વાણોન્મુખ જીવનદીપ ફરીને પણ એક વાર જોસથી પ્રકાશવા લાગ્યો ને શિથિલાવસ્થા દૂર થઇ જઈને પાછો ચેતનભાવ જણાવા લાગ્યો એટલે વૈદ્યરાજનાં જીવનને માટે લોકોમાં પાછી કંઈક સારી આશા બંધાણી. તેજ સમયમાં વૈદ્યરાજની શિથિલ તબીયતના ખબર સાંભળીને મોરબીથી શીઘ્રકવિ શાસ્ત્રી શ્રી શંકરલાલ માહેશ્વર, રાજવૈદ્ય રા. વિશ્વનાથ વિઠ્ઠલજી તથા ભટ્ટશ્રી પોપટ ગોવિંદરામ વગેરે સંબંધીવર્ગ પણ આવી પહોંચ્યો અને પોરબંદરથી વૈદ્યરાજના વડીલબંધુ વ્યાસશ્રી આદિત્યરામ પુરૂષોતમ પણ આવી પહોંચ્યા. આ સર્વ સંબંધીઓને મળવાથી કુટુંબપર વત્સલતા ધરાવનારા વૈદ્યરાજના હૃદયને વધારે આશ્વાસના મળી અને વહેતાં પૂર કંઈક પાછાં હઠયાં પરંતુ કોણ જાણતું હતું કે ભારતવર્ષનો દીપ થોડાજ વખતમાં નિર્વાણ પામશે!

નબળાઈને લીધે વૈદ્યરાજનું શરીર ઘણુંજ શીથિલ થઈ પડયું હતું તેથી નાનામાં નાનું કામ પણ જેઓ બીજાને કરવા દેતા નહીં પણ જાતેજ કરતા હતા, તેને અત્યારે ભોજનાદિક કરતી વખતે પણ બીજાઓનો આશરો લેવો પડતો હતો, તેને માટે તેઓ જો કે મનમાં ખિન્ન થતા હતા, તો પણ પાછા પ્રારબ્ધનો વિચાર કરીને મનનો શોક દૂર કરતા હતા. તેમણે સંન્યાસ લેવા માટે બે માસ અગાઉથીજ સઘળી તૈયારીઓ કરવા માંડી હતી અને તેના આરંભમાં વેદ પારાયણો, મહારૂદ્રો વગેરે સત્કર્મો પણ આરંભી દીધાં હતાં, આ સઘળાં કર્મો સંપૂર્ણ થયા પછી વૈદ્યરાજે પોતાના બન્ને પુત્રોની તથા સંબંધીઓની પાસે સંન્યાસ લેવાનો વિચાર જાહેર કર્યો, પરંતુ વૈદ્યરાજની શારીર સ્થિતિ અત્યંત નિર્બલ જોઈ તેમના પુત્રો તથા સંબંધીઓ તેમનાં આરોગ્યની પ્રતીક્ષા કરવા લાગ્યા. સંન્યાસ લીધા છતાં સંન્યાસની કોઈ પણ જાતની ક્રિયા કરવાની વૈદ્યરાજમાં શક્તિ ન હોતી તેથી તેવી સ્થિતિમાં વૈદ્યરાજને સંન્યાસ આપવાંને સંબંધીઓ રાજી નહતા, પરંતુ વૈદ્યરાજ તેથી ઉદાસ થઈ જતા હતા અને વારંવાર વિલંબ કરવાનું કારણ પૂછયા કરતા હતા.

પૂર્વે જે ઓરડો વૈદ્યરાજનું એક વ્યવહારમંદિર હતું, તે ઓરડો અત્યારે એક ભજનમંદિર થઈ પડયું હતું. વૈદ્યરાજ વાનપ્રસ્થ સ્થિતિમાં આવ્યા પછી જે ક્રમે સાયંકાળ ઇશ્વર ભજનમાં ગાળતા હતા તે ક્રમજ અત્યારે મંદવાડના સમયમાં પણ ચાલુજ હતો. અને તેમનું ભજનમંદિર હમણા દિવ્ય સંગીતથી ગાજી રહ્યું હતું. તે ઉપરાંત તેમના સન્મુખ શ્રી નાથજી, શ્રીબાળકૃષ્ણ, શ્રી શંકર, મહાત્મા શ્રી રામબાવા, મહાત્મા શ્રી જયકૃષ્ણજી તથા પોરબંદર મુકામે એકઠા મળેલા પોતાના જ્ઞાતિ બંધુઓ વગેરેના ચિત્રપટો લટકાવવામાં આવ્યા હતા. વૈદ્યરાજ વારંવાર તે પવિત્ર ચિત્ર પટોનાં દર્શન કરવામાં તેમજ ઈશ્વરભજનમાં પોતાનું શેષ જીવન ગાળતા હતા. આરીતે મંદવાડના સમયમાં તેમની આંતરિક સત્વૃત્તિએ પણ તેમના હૃદયની પવિત્ર ઈશ્વરભક્તિ પારખવાનો લોકોને અવકાશ આપ્યો હતો.

વૈરાગ્યસૂચક સંગીતોના ધ્વનિથી અને પવિત્ર મૂર્તિઓનાં દર્શનથી વૈદ્યરાજના શયનાગારમાં દિવ્યભાવોનો સંચાર થઈ રહ્યો હતો એટલુંજ નહીં પરંતુ વૈદ્યરાજની તબીયત જોવાને આવનારા લોકોના મન ઉપર પણ ત્યાં દાખલ થતાં દૈવીભાવનાની ઉંડી અસર થતી હતી.

વૈદ્યરાજના મંદવાડના સમાચાર જેમ જેમ મુંબઈમાં ફેલાતા ગયા, તેમ તેમ આચાર્યો, મહાત્માઓ તથા નામાંકિત નાગરિક ગૃહસ્થો વૈદ્યરાજને મળવા માટે આવવા લાગ્યા હતા. ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્ય, બ્રહ્મચારી મહારાજ શ્રી રામેશ્વરાનંદજી, સર ડાકટર ભાલચંદ્ર કૃષ્ણ, રા. વ્રજભૂખણદાસ આત્મારામ, રા. વસનજી ખીમજી, રા. દેવકરણ નાનજી, રા. ભાઇશંકર નાનાભાઈ, રા. નગીનદાસ દુર્લભદાસ, રા. ઈચ્છારામ સૂર્યરામ, શેઠ ચતુરભુજ મુરારજી, શે. દ્વારકાદાસ ધર્મસિંહ, શેઠ તારાચંદ દીપચંદ, શેઠ નરોત્તમ મુરારજી ગોકુલદાસ, ભાવનગરના માજી દીવાન રા. વિજયશંકર ગૌરીશંકર, માંગરોલના દરબાર સાહેબ, વડીયાના દરબાર સાહેબ, શેઠ વસનજી મનજી, અ. મી. દીક્ષીત, મી. પીયરસન, ડા. નાનાભાઇ, શેઠ દામોદર લક્ષ્મીદાસ, શેઠ મુરારજી ગોકુલદાસનાં વહુ, શેઠ દામોદર ઠાકરશીનાં વહુ શેઠાણી નાથીબાઇ વગેરે સંભાવિત ગૃહસ્થોએ તથા ધર્મનિષ્ઠ બાઇ બેહનોએ મંદવાડના સમયમાં વૈદ્યરાજનાં દર્શન લઈને તેમને આશ્વાસના આપી હતી. વૈદ્યસભાએ પણ મંદવાડના દિવસોમાં વૈદ્યરાજનાં દર્શન કરીને તેમણે આરંભેલી લોકોપયોગી

આયુર્વેદ વિદ્યાની ઉત્તમ સંસ્થા તરફ પોતાની સંપૂર્ણ પ્રીતિ દર્શાવી હતી અને લોકોપયોગી વિદ્યાનો ઉદ્ધાર કરવા માટે અંતઃકરણપૂર્વક વૈદ્યરાજને ધન્યવાદ આપ્યો હતો. મંદવાડના બીછાનામાં સુતેલા વૈદ્યરાજ પણ પોતાને મળવા આવતા લોકોના તરફ પોતાની પીડાની દરકાર ન કરતાં સંપૂર્ણ સ્નેહથી વાતચિત કરીને પ્રત્યેકને સંતોષ આપતા હતા.

દરરોજ સાયંકાળે સ્નેહીઓ, સંબંધીઓ તથા મુંબઈનું પ્રશ્નોરા જ્ઞાતિ મંડળ વૈદ્યરાજના પલંગની આસ પાસ વિંટળાઇને બેસતું હતું. તે સમયે શાસ્ત્રી દામોદર કાનજી વૈરાગ્યનાં તથા જ્ઞાનનાં પદો બોલીને વૈદ્યરાજનાં મનને સંતુષ્ટ કરતા હતા. વૈદ્યરાજ પણ પોતાના મંદવાડના દિવસો પોતા પ્રત્યે પ્રેમભક્તિ દર્શાવનારા જ્ઞાતિ બંધુઓની સાથે જ્ઞાતિના ઉદ્ધાર સંબંધી વાતો કરવામાં અને ભજનાનંદમાં ગાળતા હતા.

---

## પ્રકરણ ૧૨ મું.

## સંન્યાસ—નિર્વાણ.

આપણે વૈદ્યરાજના જીવનનું અવલોકન કરતા કરતા તેમના શેષ જીવન ઉપર આવી પહોંચ્યા છીએ.

સંબંધીઓની ધારણા આખરે નિષ્ફળ ઉતરી અને આરોગ્ય નહિ થતાં દિનપરદિન નબળાઈમાં વધારો થવા લાગ્યો, તેથી સંન્યાસને માટે ફાગણ વદી અમાવાસ્યા અને મંગળવારનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

વૈદ્યરાજને ઘણા મહિના થયા સંન્યાસ લેવાની ઈચ્છા હતી, પરંતુ વચ્ચે વચ્ચે કેટલાંએક કાર્યો આવી પડવાથી તેમની ધારણાને વિઘ્નો નડતાં હતાં, તોપણ તેમણે ધર્મમહાસભામાંથી પરવાર્યા પછી સંન્યાસને લગતી સર્વ ગોઠવણો આરંભી હતી, મંદવાડના આરંભ કાળમાંજ સંન્યાસને લગતી વેદ પારાયણાદિક ક્રિયા શરૂ કરી દીધી હતી, અને તેની સમાપ્તિને દહાડે સંન્યાસની દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ " આદર્યાં અધુરાં રહે ને હરિ કરે સો હોય" આ પ્રાચીન કહેવત વૈદ્યરાજનાં કાર્યમાં ખરી પડી હતી. વેદ પારાયણાદિક અને અનુષ્ઠાનની સમાપ્તિને દહાડે વૈદ્યરાજની તબીયત ઘણીજ નબળી પડી ગઈ હતી, તેમણે પોતાનું શરીર શિથિલ હોવા છતાં પણ વૈદિક બ્રાહ્મણોનું પૂજનાદિક કર્યા પછી તેઓને પ્રણામ કરીને કહ્યું કે; મારૂં કાર્ય હજી પૂર્ણ

થયું નથી, મારે હજી સંન્યાસ લેવાનું બાકી રહ્યું છે, મારૂં શરીર જરાક પણ સુધરશે એટલે હું તુરત સંન્યાસ લઈશ, માટે મારૂં આ કામ પૂર્ણ થયું એમ તમે માનશો નહીં. વૈદ્યરાજની આટલી બધી સંન્યાસ સંબંધી ઉત્કંઠા જાણ્યા પછી કોણ તેમના સંન્યાસને આતુર સંન્યાસ કહી શકે? તેઓ લાંબા વખતથી સંન્યાસને લગતી સામગ્રીઓ એકઠી કરવામાં ગુથાયા હતા અને સંન્યાસ વિધિનો વેદ પારાયણાદિ દ્વારા એક મહીનો થયા આરંભ પણ કરી દીધો હતો, પરંતુ અણધાર્યા મંદવાડે તેમના આરંભમાં વિધ્ન નાખ્યું હતું.

વૈદ્યરાજે વૈદિક બ્રાહ્મણોનો સત્કાર કર્યા પછી તેજ દહાડે પરંપરાથી ચાલતા આવેલા સંપ્રદાય પ્રમાણે પોતાના પુત્રોની, પુત્રોની વહુઓની, ભાઈઓના પુત્રોની બીજા સંબંધીઓની તથા ઇષ્ટ મિત્રોની સંન્યાસ માટે અનુમતિ મેળવવાને તેઓના સમક્ષમાં કરૂણાજનક પણ ઉત્સાહક આ પ્રમાણે ભાષણ કર્યું હતું.

" મને હવે આ સંસારમાં કોઈ પણ જાતની ઈચ્છા રહી નથી, મેં મેળવેલા ધનનો દાનમાં અને ભોગમાં ઉપયોગ કર્યો છે, મનુષ્યોને પુત્રોની, ધનની અને સ્વર્ગાદિક લોકની એમ ત્રણ જાતની ઈષણા હોય છે પરંતુ મારી આ ત્રણે ઈષણાઓ પૂર્ણ થયેલી છે. મને ઈશ્વર કૃપાથી બે પુત્રો છે, તેઓને મેં હાલના જમાનાને લગતી રાજકીય ભાષાની કેળવણી આપી છે અને તેઓ આજે સારા વિદ્વાન તથા સુપ્રતિષ્ઠિત પંક્તિમાં છે એટલુંજ નહી, પરંતુ સ્વકીય શાસ્ત્રમાં તેઓ સારા વિદ્વાન હોવાથી આસ્તિક તથા સ્વધર્માભિમાની પણ છે અને પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવે છે એટલે તે સંબંધી કેટલાક કાળથી હું અત્યંત નિશ્ચિંત થયો છું. તેઓ સારા કુલમાં પરણ્યા છે અને તે બંનેને ઘેર એક એક પૌત્રનાં દર્શન થતાં સર્વે પૌત્રમુખં દૃષ્ટ્વા ' એ વચનાનુસાર હું મને પોતાને સંન્યાસને માટે સંપૂર્ણ અધિકારી લેખું છું.

બીજી ઈષણા ધન સંબંધી હોય છે તે પણ મે યથાશક્તિ મેળવ્યું છે અને તેનો યથાશક્તિ સદુપયોગ પણ કર્યો છે માટે તે બાબત પણ મને કોઈ જાતની ઈચ્છા રહી નથી. ત્રીજી ઈષણા સ્વર્ગાદિક લોકની હોય છે. શ્રી પરમાત્મારૂપ ગુરૂની કૃપાથી કેવળાદ્વૈત સચ્ચિદાનંદસ્વરૂપ પરબ્રહ્મમાં આ શરીરોપાધિક આત્માની એકાકારતાનું જ્ઞાન તથા તેનો અનુભવ થતાં હવે મને સ્વર્ગાદિક ક્ષણિક લોકની પણ ઇચ્છા નજ થાય, એ સ્વાભાવિક છે.

છેવટે મારા પુત્રોને તથા વહુવારૂઓને મારે વડિલ તરિકે કહેવું જોઈએ કે તમે પરસ્પર સલાહસંપ રાખીને, માન્ય પુરૂષોને માન આપીને, પૂજ્યોની પૂજા કરીને તથા પ્રાણી માત્ર સાથે બંધુત્વ ભાવે વર્તીને ચાલશો તો તમારૂં કલ્યાણ થશે. હવે મને સંન્યાસ લેવાની અનુમતિ આપશો આવી મારી સૌને પ્રાર્થના છે "સંન્યાસ લેવાની અનુમતિ આપશો" આવા શબ્દો સાંભળતાંજ વિયોગભીરૂ સંબંધીઓની આંખમાંથી અશ્રુઓ ટપકવા માંડયાં. તે જોઈને વૈદ્યરાજે ધારણા આપતાં જગતના વિનાશપણાનો ઉપદેશ આપીને આગ્રહ સાથે કહ્યું કે, હવે વિલંબ કરવાનું કંઈપણ કારણ હું જોતો નથી, તમારે મને સંન્યાસ લેવાની અનુમતિ આપવીજ જોઈએ.

મેં આશ્રમોમાં રહીને યથાશક્તિ મારાં કર્તવ્ય કર્મો બજાવ્યાં છે. હવે હું આજગતના પ્રપંચોથી દૂર રહેવાની ઇચ્છા રાખું છું. 'દૂર રહેવાની' એવા શબ્દો સાંભળતાં ફરીને સંબંધીઓની આંખોમાં અશ્રુઓ ભરાઈ આવ્યાં, એટલે ફરીને વૈદ્યરાજ પુત્રોને, સંબંધીઓને તથા પુત્રોની વહુઓને ઉપદેશ વચનોથી ધૈર્ય આપવા લાગ્યા.

વૈદ્યરાજના પુત્રો તથા સંબંધીઓ વૈદ્યરાજની ધારણા પાર પાડવાને ઉદ્યુક્ત હતા, પરંતુ તેમના અનારોગ્યને લીધે વિલંબ કરતા હતા, છેવટે તેઓની ધારણા પાર પડે એવાં સુચિન્હો જોવામાંજ આવ્યાં નહીં તેથી તેઓએ ફાગણ વદ ૧૪ને સોમવારે સંન્યાસ વિધિનો આરંભ કર્યો. ઉત્તરાયણ કાળ સંન્યાસને માટે શ્રેષ્ઠ કહેલો છે અને યોગીઓ પણ ઉત્તરાયણ કાળમાંજ પોતાના દેહનો ત્યાગ કરે છે. આપણા વૈદરાજને પણ સુદૈવયોગે ઉત્તરાયણ સમયજ મળી ગયો હતો આ પણ તેમની ઉત્તમ સુવાસનાનું એક ચિન્હ હતું.

મુંબઈનાં વિદ્વાન મંડળની સમક્ષમાં સંન્યાસ વિધિનો આરંભ કરતાં વૈદરાજે પ્રથમ પ્રાયશ્ચિત ક્રિયા શરૂ કરી હતી. વેદમૂર્તિ શુક્લ નરોત્તમજી પ્રાયશ્ચિતને માટે જે જે વચનો કહેતા જતા હતા, તે તે વચનો ગોકલદાસ તેજપાલ સંસ્કૃતપાઠશાળાના મુખ્ય શાસ્ત્રીજી રણછોડજી અનુવાદક તરિકે વૈદરાજની પાસે સ્પષ્ટોચ્ચારથી બોલતા જતા હતા. શાસ્ત્રી મંડળની સમક્ષમાં પૂર્વાંગ, ઉત્તરાંગ પ્રયશ્ચિતની ક્રિયા થઈ રહ્યા પછી સંન્યાસનો વિધિ શરૂ થયો હતો. વિધિઅનુસાર શિખાના પાંચ કેશ શિવાય શરીરના સઘળા કેશોનું વપન કર્યા પછી નહાવાનો સમય થયો કે વૈદરાજના શિથિલ પડીગયેલા દેહ તરફ

નિહાળીને કેટલાએક ભસ્મસ્નાન કરાવવાનો અભિપ્રાય આપ્યો હતો પરંતુ વૈદરાજે તે વિચાર તરફ અરૂચિ દેખાડીને કહ્યું કે 'હું ગમે તેવી સ્થિતિમાં છું તોપણ અત્યારે તો જળથીજ સ્નાન કરીશ. બહુ થશે તો શરીર પડી જશે પરંતુ મોડું વહેલું તો તે પડવાનું છેજ માટે યોગ્ય વિધિમાં ખામી ન આણવી જોઇએ. દરેએક કાર્ય નિયમ પ્રમાણેજ થવાની જરૂર છે. ધન્ય છે વૈદરાજના નિયમિતપણાને! પોતે જે નિયમિતપણાથી ઉન્નતિમાં આવ્યા હતા તેને તેમણે નિર્વાણ સમયમાં પણ આદર આપ્યો હતો. સ્નાનવિધિ થઇ રહ્યા પછી વૈદરાજની ઈચ્છા મુજબ તેમના મંદવાડનાં બિછાનાને ત્યાંથી ખસેડીને તે ઠેકાણે લાકડાની પાટ ઢાળમાં આવી હતી અને તેનાપર વૈધરાજે આસન લીધું હતું. આટલી ક્રિયા કરતાં છેક સાંયકાળનો સમય થઈ જવાથી બાકીનો વિધિ બીજા દિવસપર મુકરર કરવામાં આવ્યો હતો.

બીજે દહાડે પ્રભાતમાં શાસ્ત્રીઓ અને વૈદિક બ્રાહ્મણો ઉપરાંત સભ્ય ગૃહસ્થોની સમક્ષમાં પાછો સંન્યાસ વિધિ આરંભાયો હતો. તે સમયે પ્રથમ સાવિત્રી પ્રવેશ અને પછી પ્રૈષોચ્ચાર કરવામાં આવ્યો હતો, તેમાં ગાયત્રી મંત્રની ત્રણ વ્યાહૃતિયોનો मया संन्यस्तं એપદ સાથે ત્રણવાર મંદ, મધ્ય અને ઉચ્ચ સ્વરથી ઉચ્ચાર કરવામાં આવ્યો હતો. તે પછી અભયદાનના મંત્રો ભણીને જળનો જળમાં હોમ કરવામાં આવ્યો હતો. આ ક્રિયા પુરી થયા પછી માથાપરના પ્રથમ રાખેલા પાંચ કેશને ઉખેડી નાખવામાં આવ્યા હતા અને ઉપવીતને જળમાં વિસર્જન કરીને "શ્રીકૃષ્ણાનંદ સરસ્વતી" એવાં નામ સાથે ભગવાં વસ્ત્રો, દંડ, કમંડળ, પાદુકા વગેરે સંન્યાસની સર્વે સામગ્રી સ્વામીશ્રીને આપવામાં આવી હતી અને ચારે વેદોનાં ચાર મહા વાકયોનો તેમને ઉપદેશ કરવામાં આવ્યો હતો. આ પ્રમાણે સંન્યાસ વિધિ પૂર્ણ થઈ રહ્યા પછી વૈદરાજના પૂર્વાશ્રમના વડા પુત્ર રા. વિશ્વનાથ, નાના પુત્ર રા. ડાકટર પોપભાઈ, તે બન્નેનાં ધર્મપત્નીઓ, કુટુંબીઓ તથા સદ્‌ગૃહસ્થોના તરફથી સ્વામી શ્રી કૃષ્ણાનંદની મહાપૂજાનો વિધિ આરંભાયો હતો. ઉત્સાહ પૂર્વક કરવામાં આવતી મહાપૂજાથી તથા તે સમયે ભણવામાં આવતા વેદમંત્રોના ધ્વનિઓથી સ્વામી શ્રી કૃષ્ણાનંદ જે ઓરડામાં બિરાજતા હતા, તે ઓરડો ગાજી રહ્યો હતો.

મધ્યાન્હોત્તર સ્વામી શ્રી કૃષ્ણાનંદજીની આજ્ઞાનુસાર તેમના સિંહાસનની આસપાસ ભગવદ્ગીતા અને ઉપનિષદોના પાઠો કરવામાં આવ્યા હતા. સ્વામીશ્રીના પૂર્વાશ્રમના પુત્ર રાજશ્રી વિશ્વનાથ સ્વામીશ્રીના શિરોભાગ પાસે બેઠા બેઠા તેમની ઈચ્છા મુજબ ઉપનિષદનો પાઠ કરતા હતા. સ્વામીશ્રી પણ હમણા ત્રણ દહાડા થયા આહાર તજી દીધેલો હોવાથી તૃષા છીપાવવા માત્ર ગંગાજળનોજ ઉપયોગ કરતા હતા. વૈદિક બ્રાહ્મણો ત્રણે વેદના ઉપનિષદોનો સ્વર સાથે પાઠ કરતા હતા. પરંતુ અથર્વણ ઉપનિષદનો પાઠ કરે એવો આથર્વણીક બ્રાહ્મણ નહોતો પરંતુ ભાવનગરના માજી દીવાન ધર્મનિષ્ઠ રાજમાન રાજ્યશ્રી વિજયશંકર ગૌરીશંકર જેઓ અથર્વવેદી છે તેમણે સ્વામી શ્રી કૃષ્ણાનંદજીની સમીપમાં અથર્વોપનિષદનો પાઠ કરીને સ્વામીશ્રીની ઈચ્છા પૂર્ણ કરી હતી.

સ્વામીશ્રીએ છેક સાંજના સાતવાગ્યા સૂધીનો સમય બ્રહ્મચિંતનમાં ગાળ્યો હતો પરંતુ તે પછી તેમની તબીયતમાં એકાએક મોટો ફેર પડવા માંડયો હતો તેથી તેમની ઈચ્છાનુસાર તેમને એક વિશાળ પાટલાપર પદ્માસનના આકારમાં બેસારવામાં આવ્યા હતા અને તેઓ ઉપનિષદોના તથા ભગવદ્ગીતાના પવિત્ર ઉપદેશો સાંભળતાં સાંભળતાં ફાલ્ગુન મહિનાની અમાવાસ્યા અને મંગળવારે રાત્રિના સાડા સાત વાગે નિર્વાણપદને પામ્યા હતા.

અનેક જ્ઞાનંનિકુંજોમાં વિહાર કરવાથી સાક્ષરવર્ય, ધાર્મિક સંસ્થાઓ સ્થાપન કરવાથી તથા ધર્મસભાઓમાં નિષ્કામ વૃત્તિએ હાજરી આપવાથી ધર્માભિમાની, લોક કલ્યાણનાં કાર્યો કરવાથી દેશોપકારી, આયુર્વેદનો ઉદ્ધાર કરવાથી આયુર્વેદોદ્ધારક તથા આયુર્વેદ મહોપાધ્યાય, યજ્ઞ યાગ વગેરે ધર્મકૃત્યો કરવાથી ઐહિક પારમાર્થિક શ્રેયઃસાધક એમ અનેક નામના મેળવીને મહાત્મા વૈદ્યરાજ. શ્રી પ્રભુરામ ઉત્તરાશ્રમમાં સ્વામી શ્રી કૃષ્ણાનંદજી ત્રણે આશ્રમોમાં અનેક શુભ કૃત્યો કરી, છેવટમાં સંન્યાસાશ્રમ ગ્રહણ કરી, માયોયાધિક પ્રારબ્ધ વશે ધારણ કરેલા પાંચભૌતિક દેહનો ત્યાગ કરીને નિરૂપાધિક એવા કૈવલ્યપદમાં બીરાજ્યા હતા.

## પ્રકરણ ૧૩ મું.

### મહાસમાધિ.

પ્રભાતમાં બહાર પડતાં દૈનિક પત્રોદ્વારા સ્વામી શ્રીકૃષ્ણાનંદ સરસ્વતીના નિર્વાણ પામવાના સમાચાર શહેરમાં ફેલાતાં સ્નેહીઓ, સંબંધીઓ તથા ભાવિક સ્ત્રી પુરૂષોનાં ટોળાંઓ સ્વામીશ્રીનાં દર્શન તથા પૂજન કરવા માટે તેમના ઘર તરફ આવવા લાગ્યાં હતાં અને સાત વાગતાંજ સ્વામીશ્રીનું ઘર આગંતુક મનુષ્યોથી ભરાઈ ગયું હતું. ત્યારે કેટલાંએક મનુષ્યો સ્વામીશ્રીની પાલખીનાં દર્શનાર્થે ઘરનું કામકાજ છોડી દઈને જે માર્ગેથી સ્વામીશ્રીની પાલખી નીકળવાની હતી, તે માર્ગ ઉપર હારબંધ ગોઠવાઇ ગયાં હતાં.

સાત વાગતાં સ્વામીશ્રીના પૂર્વાશ્રમના પુત્ર રા. વિશ્વનાથે તથા રા૦ પોપટભાઇએ પુરૂષસૂકતોનાં મંત્રો ભણીને સ્વામીજીનું શોડષોપચાર પૂજન કર્યું હતું અને બીજા સંબંધીઓએ તથા ભાવિક લોકોએ પણ તેજ પ્રમાણે સ્વામીશ્રીનું પૂજન કરીને પોતાની ભક્તિ દર્શાવી આપી હતી. જે સમયે પૂજન વિધિ ચાલતો હતો, તે સમયે બીજી તરફ વૈરાગ્ય સૂચક પદોની ધુનમચી રહી હતી તેથી જે સ્થળમાં સ્વામીશ્રીનું કલેવર પધરાવવામાં આવ્યું હતું તે સ્થળમાં વૈરાગ્ય સાથે કરૂણા રસનો અપ્રતિહત પ્રવાહ ચાલી રહ્યો હતો. તે વખતે કેટલાએક જ્યારે રાગાદિક સ્થૂળ વસ્તુનો અનુભવ કરતા હતા, ત્યારે કેટલાએક અનુભવીઓ તે સંગીતમાંથી અનિર્વચનીય વસ્તુનો અનુભવ કરતા હતા.

પૂજા વિધિ સમાપ્ત થયો કે સ્વામીશ્રીને વાંસની એક શુશોભિત પાલખીમાં પધારવામાં આવ્યા અને મોટી ધામધૂમ સાથે સર્વ મંડળ સ્વામીની પાલખી સાથે વાલકેશ્વર તરફ જવા માટે ભૂલેશ્વરના માર્ગ તરફ વળ્યું. સ્વામીશ્રીની પાલખીનો આગલો ભાગ તેમના વડા પુત્ર રા. વિશ્વનાથે તથા રા. પોપટે ઉપાડયો હતો ત્યારે સ્નેહી સંબંધીઓ અને ભકતજનો પાછળના ભાગથી પાલખીને ઉચકીને ચાલતા હતા. આ મહોત્સવમાં બ્રહ્મચારી શ્રી રામેશ્વરાનંદજીએ વૈદરાજના સન્માનાર્થે છડી, ચમર, શંખ, ઝાલર, તથા ભજન મંડળી વગેરે રાજવૈભવ લાવીને સ્વામીશ્રીના મહોત્સવમાં મોટો વધારો કરી મુકયો હતો. તે સર્વ રાજવૈભવ નિર્વાણપદે બિરાજમાન થએલ સ્વામીશ્રીના પૂર્વાશ્રમના રાજભોગની અલૌકિક વિભૂતિનું દિગ્દર્શન કરાવતો કરાવતો છેક વાલકેશ્વર સુધી તેમની સાથે સાથે આવ્યો હતો.

સ્વામીશ્રીની પાલખી જેમ જેમ આગળ વધવા લાગી તેમ તેમ.તેમના મહોત્સવમાં સદ્‌ગૃહસ્થો ભળતા ગયા. બ્રહ્મચારી શ્રી રામેશ્વરાનંદજી, ડા૦ સર ભાલચંદ્ર કૃષ્ણ, શેઠ દ્વારકાદાસ ધર્મસિંહ, રાવ બહાદુર નારાયણ ત્ર્યંબક વૈદ્ય, શાસ્ત્રી જીવરામ લલ્લુરામ, રા. દયાશંકર વંસનજી તથા બીજા સંભાવિત ગૃહસ્થો ઉપરાંત વૈદ્યરાજના જ્ઞાતિબંધુઓ સ્વામીશ્રીની પાલખીની આગળ ચાલતા હતા. પાલખીની આસપાસ ચાલતા બ્રાહ્મણો વેદ તથા ઉપનિષદોના પાઠો કરતા હતા અને પાછળના ભાગમાં ચાલતું ભાવિક સ્ત્રીમંડળ ઈશ્વર ભક્તિનાં ગીતો ગાતું હતું. ગુલાલના પરાગથી લાલરંગના બનીગએલા માર્ગપર આ પ્રમાણે ભજન કીર્તનના ધ્વનિ સાથે એકત્ર થયેલો ગીતધ્વનિ ઉભરાઈ જતો હતો તેને શ્રવણ કરતું કરતું સર્વ મંડળ ધીમે ધીમે વાલકેશ્વર તરફ જવા લાગ્યું.

સ્વામી શ્રી કૃષ્ણાનંદે પ્રથમથીજ વાલકેશ્વરની પવિત્ર ટેકરીપર પોતાની સમાધિ કરવાનો નિશ્ચય કરી રાખ્યો હતો. આ ટેકરી ઈતિહાસ અને પુરાણ પ્રસિદ્ધ છે. પૂર્વે દંડકારણ્યમાં પ્રવેશ કરતી વખતે રામ અને લક્ષ્મણે સીતા સાથે જે પવિત્ર ટેકરીપર કેટલાએક દિવસો સૂધી નિવાસ કરીને મહાસાગરની અલૌકિક લીલા નિહાળી હતી, વળી પૂર્વે પવિત્ર અને પતિતપાવની ભગવતી ગંગાએ પણ ઋષિમુનિઓના સહવાસમાં રહેતા શ્રી વાલકેશ્વરની સેવા કરવાની ઈચ્છાથી જ્યાં પોતાનો ખાસ નિવાસ કરીને જેની પવિત્રતામાં વધારો કર્યો હતો એવી, મહાસાગરની છોળો સાથે અથડાતા જલાર્દ્ર પવનોથી ઉષ્ણઋતુમાં પણ શિશિર ઋતુનું ભાન કરાવનારી વાલકેશ્વરની પવિત્ર ટેકરીપર સ્વામીશ્રીની પાલખીનું સરઘસ ધીરે ધીરે આવી પહોંચ્યું. અહી પણ સ્વામીશ્રી કૃષ્ણાનંદનું તેમના બન્ને પુત્રોએ પાછું વિધિપૂર્વક પૂજન કર્યું હતું. પૂજાવિધિ સમાપ્ત થયા પછી પશ્ચિમ મહાસાગરના ઉછળતાં મોજાઓથી રાત્રિદિવસ મુખરિત રહેતા જે પવિત્ર પ્રદેશમાં જગદ્‌ગુરૂ શારદામઠાધીશ્વર શંકરાચાર્ય શ્રી રાજરાજેશ્વરાનંદ સરસ્વતીને સમાધિસ્થ કરવામાં આવ્યા છે તેની ડાબી બાજુપર સ્વામી શ્રી કૃષ્ણાનંદજીને સમાધિસ્થ કરવામાં આવ્યા હતા. સમાધિને માટે પ્રથમથીજ એક મોટો ખાડો કરીને તેને ગંગા તથા યમુના જળથી પવિત્ર કરી તેપર દર્ભાસન પાથરી રાખવામાં આવ્યું હતું, તેનાપર પુરૂષસૂક્તના પવિત્ર મંત્રો ભણતાં ભણતાં સ્વામી શ્રી કૃષ્ણાનંદને સંન્યાસાશ્રમનાં સર્વ ઉપકરણો સાથે સમાધિસ્થ કરવામાં આવ્યા હતા. પુષ્પવૃષ્ટિથી તે સમાધિસ્થાનની પૂજા કર્યા પછી સૌએ તે મહોત્સવ પ્રસંગે અવભૃથ સ્નાન કરીને પુણ્ય સંપાદન કર્યું હતું

સ્વામી શ્રી કૃષ્ણાનંદજીનો પવિત્ર આત્મા જોકે નિર્વાણ પામ્યો છે તો પણ તેમનો વિશ્વપ્રેમી અને ધર્મધનિષ્ઠ ' કાર્યાત્મા આ વિશ્વમાં લોકોના હૃદયપર ભિન્ન ભિન્ન રૂપે પોતાનું અચળ આધિપત્ય કરી રહ્યો છે.

---

## પ્રકરણ ૧૪ મું.

### સમારાધન.

ગૃહસ્થના મરણ પછી જેમ ઉત્તર ક્રિયા કરવામાં આવે છે તેમ સંન્યાસીના નિર્વાણ પછી પણ સમારાધન ક્રિયા કરવામાં આવે છે. સમાધિસ્થ થયા પછી દરરોજ પ્રભાતમાં સમાધિના સ્થાનપર સ્થાપન કરેલા શિવલિંગનું પૂજન કરવામાં આવે છે અને અગ્યારમે દિવસેથી મહાસમારાધન શરૂ કરવામાં આવે છે. અગ્યારમે દિવસે પાર્વણશ્રાદ્ધ, બારમે દિવસે નારાયણ બલિ અને તેરમે દિવસે સંપ્રદાયાનુસાર વિષ્ણુપૂજનપૂર્વક સમારાધન કરવામાં આવે છે. સ્વામીશ્રી કૃષ્ણાનંદના પૂર્વાશ્રમના પુત્રોએ પણ શાસ્ત્રોકત વિધિપ્રમાણે સમારાધન ક્રિયા કરી હતી અને છેવટને દિવસે સ્વામી કૃષ્ણાનંદજીએ પૂર્વાશ્રમમાં કરેલી વ્યવસ્થાનુસાર તેમની પુત્રીઓ, દોહિતરાઓ, ભાણેજો વગેરેનો પ્રથમ સત્કાર કરવામાં આવ્યો હતો અને તે પછી મુંબઈનાં વિદ્વન્મંડળનો, વૈદિક બ્રાહ્મણોનો તથા બીજાં કેટલાંએક વિદ્યોન્નતિનાં ખાતાઓનો પણ સત્કાર કરવામાં આવ્યો હતો.

પૂજ્યોનો તથા પંડિતોનો સત્કાર થઈ ગયા પછી ભાવનગરના મહારાજા શ્રી ભાવસિંહજી, ભાવનગરના માજી દીવાન રા. વિજયશંકર ગૌરીશંકર તથા પ્રભાશંકર ગૌરીશંકર, વઢવાણના ઠાકાર સાહેબ, લખતરના દરબાર સાહેબ, પાટડીના દરબાર સાહેબ, શેઠ જીવરાજ બાલુ વગેરે રાજા રાણાઓ તથા શ્રીમંત ગૃહસ્થો તરફથી સ્વામી શ્રી કૃષ્ણાનંદજીના પૂર્વાશ્રમના પુત્રો રા. વિશ્વનાથભાઈનો તથા રા. ડાકટર પોપટભાઈનો સારો સત્કાર કરવામાં આવ્યો હતો.